RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 298* Date: 26.08.2020 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૦,૯૭૫ પોઝિટિવ કેસ અને ૮૪૮ લોકોના મોત

# કોરોનાનું હોટસ્પોટ બન્યું ભારતઃ કુલ કેસ ૩૨ લાખની નજીક

## કુલ મૃત્યુઆંક ૫૮૩૯૦એ પહોંચ્યો, ૨૪ કલાકમાં ૭૫ ટકા દર્દી સાજા થયા, રિકવરી રેટ ૭૫.૯૨ તો મૃત્યુદર માત્ર ૧.૮૪ ટકા

*ન્યુ દિલ્હી,તા.૨૫*

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે જ કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે મંગળવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૩૧ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૦૯૭૫ કેસ નોંધાતા કુલ કેસ ૩૧૬૭૩૨૩ થઈ ગયા છે. વિશ્વમાં કોરોનાનું હોટસ્પોટ બન્યું ભારત. આખી દુનિયામાં આવતા ચાર કેસોમાંથી એક કેસ ભારતમાંથી સામે આવે છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરીને ૭૫.૯૧ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૬૫૫૦ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૪૦૪૫૮૫ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.



બીજી તરફ, ભારતમાં કોરોના ટેસ્ટ સેમ્પલની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારે નોંધાયો છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ભારતમાં અત્યાર સુધીમાં ૩.૫ કરોડ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૮૪૮ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૮૩૯૦ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૭૦૪૩૪૮ એક્ટિવ કેસ છે.

મહારાષ્ટ્રમાં સોમવારે કોરોનાના ૧૧૦૧૫ નવા કેસ આવ્યા છે. સાથે રાજ્યમાં કોરોના વાયરસના સંક્રમિત દર્દીની સંખ્યા ૭ લાખની આસપાસ એટલે કે ૬,૯૩,૩૯૮ પહોંચી છે. મહારાષ્ટ્રમાં જલ્દી જ કોરોનાનો આંક ૭ લાખને પાર કરશે. સ્વાસ્થ્ય વિભાગના અનુસાર અહીં ૨૪ કલાકમાં ૨૧૨ દર્દીના મોત થયા છે અને ૨૨૪૬૫ લોકોએ જીવ ગુમાવ્યા છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨,૩૬,૩૬૬૫૧ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮,૧૨,૭૨૨ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧,૫૩,૨૭૧૦૦ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭,૪૯,૬૮૨૯ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

### એનઆઈએએ ૧૩૫૦૦ પેજની ચાર્જશીટ રજૂ કરી

# પુલવામાઃ એનઆઈએની ચાર્જશીટમાં મસૂદ સહિત ૧૯ આરોપી

*ન્યુ દિલ્હી,તા.૨૫*

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ મંગળવારે વિશેષ કોર્ટમાં જૈસ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર સહિત ૧૯ આરોપીના નામ સાથેની ચાર્જશીટ દાખલ કરી છે. જૈશ-એ-મોહમ્મદ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન છે અને વડા મસૂદ અઝહર અને અન્ય દ્વારા ૨૦૧૯માં દક્ષિણ કાશ્મીરના પુલવામાં સીઆરપીએફના કાફલા પર ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૪૦ જવાનો શહીદ થયા હતા. એઆઈએએ ઈલેક્ટ્રોનિક પુરાવાઓ અને આતંકવાદીઓના નિવેદન તેમજ વિવિધ કેસોમાં પકડાયેલા વોન્ટેડ આરોપીઓની વાતને આધારે એનઆઈએએ આ પુલવામાં હુમલાનો કોયડો ઉકેલ્યો હતો.

તપાસ એજન્સી દ્વારા ૧૩,૫૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ચાર્જશીટમાં પુલવામામાં હુમલાખોરને આશરો આપનાર તેમજ આદિલ દારનો હુમલા અગાઉનો વીડિયો શૂટ કરનાર સહિત તમામ લોકોને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે. આદિલ દાર સ્યુસાઈડ બોમ્બર હતો જેણે ૨૦૦ કિલો વિસ્ફોટકો સાથેની કાર સીઆરપીએફના કોન્વોય સાથે અથડાવીને બ્લાસ્ટ કર્યો હતો.

આ કેસની તપાસ એનઆઈએના સંયુક્ત ડાયરેક્ટર અનિલ શુક્લાના નેતૃત્વમાં કરવામાં આવી હતી અને બ્લાસ્ટ માટે હાઈ-એન્ડ બેટરી, ફોન તેમજ કેટલાક રસાયણોની ખરીદી માટે ઈકોમર્સ પ્લેટફોર્મનો પણ ઉપયોગ થયો હોવાનું તપાસમાં ખુલ્યું હતું. એનઆઈએ દ્વારા અત્યાર સુધીમાં આ કેસમાં સાત લોકોની ધરપકડ કરવામાં આવી છે. મસૂદ અઝહર



ઉપરાંત જે સાત આતંકવાદીઓના નામ ચાર્જશીટમાં છે તેમને વિવિધ એક્કાઉન્ટરમાં ઠાર કરી દેવાયા છે જ્યારે ચાર ભાગેડુ છે. બે આતંકવાદીઓ હજુ પણ જમ્મુ અને કાશ્મીરમાં છે જે પૈકી એક સ્થાનિક છે જ્યારે બીજો પાકિસ્તાની નાગરિક છે.

મસૂદ અઝહરના બે સંબંધીઓ અબ્દુલા રઉફ તેમજ અમ્માર અલ્વીના નામ પણ ચાર્જશીટમાં મુખ્ય ષડયંત્રકાર તરીકે સામેલ છે. જૈશના એક આતંકવાદી મોહમ્મદ ઉમર ફારૂકનો ભાણેજ જે સાંભા ખાતેની આંતરાષ્ટ્રીય સરહદેથી ૨૦૧૮માં કુદરતી ગુફાઓ મારફતે ભારતમાં પ્રવેશ્યો હતો તેનું મૃત્યું થયું છે.

પુલવામા હુમલો કરનાર આદિલ ડારના કેટલાંય મદદગાર હતા, એનઆઈએ એ એવા લોકોને પણ આરોપી બનાવ્યા છે. તેમાં મોહમ્મદ અબ્બાસ રાથર, બિલાલ અહમદ કૂચે, શાકિર બશીર જ હુઝૈફા, ઈંશા જાન જ ઈંશા તારીક, પીર તારીક અહેમદ શાહ, અશ્ક અહેમદ નેંગારુ, ઈકબાલ રાથેર, સમીર અહેમદ ડાર અને વાઈઝ-ઉલ ઈસ્લામ પર પણ આરોપ મૂકવામાં આવ્યા છે.

# કોંગ્રેસમાં ઘમાસાણ યથાવત્ઃ સિબ્બલે કહ્યું મારા માટે દેશ મહત્વનો, પદ નહીં

ન્યુ દિલ્હી,તા.૨૫

કોંગ્રેસનું 'મહાભારત'માં 'પિક્ચર અભી' બાકી લાગી રહ્યું છે. સોમવારના રોજ સોનિયા ગાંધીને ફરીથી પાર્ટીના વચગાળાના અધ્યક્ષા તરીકે પસંદ કર્યા બાદ તેમણે ચિઠ્ઠી લખનાર 'વિરોધી' નેતાઓ આગળની રણનીતિ પર બેઠક કરી હતી. આ બેઠક બાદ આજે કપિલ સિબ્બલે એક ટ્વીટ કરી છે તેના પરથી અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. આપને જણાવી દઈએ કે ગુલામ નબી આઝાદ સહિત કોંગ્રેસના ૨૩ નેતાઓએ સંગઠન બદલવા માટે સોનિયા ગાંધીને પત્ર લખ્યો હતો. આ પત્ર બાદથી પાર્ટીમાં હલચલ મચી ગઈ છે. બીજી તરફ સસ્પેન્ડ નેતા સંજય ઝાએ ચુટકી લેતા પાર્ટીમાં ચાલી રહેલા ઝઘડાને અંતની શરૂઆત



ગણાવી દીધી છે.

સિબ્બલના ટ્વીટ પર આજે ઘણી અટકળો શરૂ થઈ ગઈ છે. તેમણે ટ્વિટ કરીને લખ્યું, 'આ કોઈ પદની વાત નથી. આ મારા દેશની વાત છે જે સૌથી મહત્વની છે.' આપને જણાવી દઈએ કે કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠકમાં સોનિયા ગાંધીને ફરીથી પાર્ટીના વચગાળાના પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

સિબ્બલના ટ્વિટ પર બળવો કરે તેવી ગંધ આવે છે. રાહુલ ગાંધીની નારાજગીના સમાચાર બાદ તેમણે ગઈકાલે પણ ટ્વીટ કરી હતી. જો કે બાદમાં તેમણે આ ટ્વીટ હટાવતા કહ્યું કે રાહુલે તેમને કહ્યું કે તેમણે એવું કંઈ જ કહ્યું નથી.

### અમેરિકા રાષ્ટ્રપતિ ચૂંટણીમાં રસપ્રદ જંગ

# કમલા હેરિસની સામે ડોનાલ્ડ ટ્રમ્પે ભારતવંશી નિક્કી હેલીને બનાવ્યા સ્ટાર સ્પીકર

વોશિંગ્ટન,તા.૨૫

અમેરિકાના રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ત્યાં રહેલા ભારતીયોને રિઝવવાની બંને તરફથી પ્રયત્ન કરી રહ્યા છે. ઉપરાષ્ટ્રપતિ પદ માટે ડેમોક્રેટિકે કમલા હેરિસને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે ત્યાં હવે ડોનાલ્ડ ટ્રમ્પની પાર્ટી રિપબ્લિકને નિક્કી હેલીને તેમનો જવાબ આપવા માટે સ્ટાર સ્પીકર બનાવીને ચૂંટણી રોચક બનાવી દીધી છે.

રિપબ્લિકન સંમેલનોના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન બોલતા કહ્યુ નિક્કી હેલીએ કહ્યુ કે હું ભારતીય પ્રવાસીઓની ગૌરવશાળી દિકરી છુ. તેમણે કહ્યુ કે તેઓ અમેરિકા આવે અને એક નાના દક્ષિણ શહેરમાં બસ ગયા. મારા પિતાએ પાઘડી પહેરી હતી. મારી માતાએ સાડી પહેરી હતી. હુ એક બ્લેક એન્ડ વ્હાઈટ દુનિયામાં એક ભૂરી છોકરી હતી.

તેમણે કહ્યુ, અમારે ભેદભાવ અને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. પરંતુ મારા માતા-પિતાએ



ક્યારેય ફરિયાદ અને નફરત કરી નથી. મારી માતાએ એક સફળ વ્યવસાય બનાવ્યો. મારા પિતાજીએ ઐતિહાસિક રીતે બ્લેક કોલેજમાં ૩૦ વર્ષ સુધી ભણાવ્યુ અને દક્ષિણ કેરોલિનાના લોકોએ મને પોતાની પહેલી લઘુમતી અને પહેલી મહિલા ગવર્નરના રૂપમાં પસંદ કર્યા.

સાઉથ કેરોલિનામાં જન્મેલી નિક્કી હેલીનું મૂળ નામ નિમ્રતા રંધાવા હતુ. તેમના પિતા અજીત સિંહ રંધાવા અને માતા રાજ કૌર રંધાવા પંજાબના અમૃતસરથી અહીં આવ્યા હતા. એક નિવેદનમાં ટ્રમ્પ કેમ્પેઈને કહ્યુ, ચાર દિવસ સુધી ચાલનારા પ્રેસિડેન્ટ ટ્રમ્પ ૨૦૨૦ કન્વેશન મહાન અમેરિકી ઈતિહાસનું સન્માન કરશે. આ દરમિયાન મેક અમેરિકા ગ્રેટ અગેનના એજન્ડાને પણ સૌની સામે રાખવામાં આવશે. નિક્કી હેલી સિવાય સંમેલન પહેલા દિવસે રાષ્ટ્રપતિ ટ્રમ્પના પુત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર અને કિંબર્લી ગુઈલફોયલ પણ લોકોને સંબોધિત કરશે. પ્રથમ મહિલા મેલાનિયા ટ્રમ્પ સંમેલનને વ્હાઈટ હાઉસ સ્થિત રોજ ગાર્ડનથી બુધવારે સંબોધિત કરશે. એવુ અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીના ઈતિહાસમાં પહેલીવાર હશે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૧૦૯૬**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૮૯૪૨**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૨૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૦૧૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૭૧૩૬૧**

**કોંગ્રેસ નહેરૂ-ગાંધી ખાનદાનથી આગળ નહીં વધેકોંગ્રેસના ૨૩ નેતાઓએ**

### આઈએનએસ વેલા પણ આગામી વર્ષના અંતમાં નૌસેનામાં સામેલ થશે

# ભારતીય નૌસેનાની તાકાત વધારશે સ્વદેશી સબમરીન INS કરંજ



*ન્યુ દિલ્હી,તા.૨૫*

ભારતમાં બની રહેલી કલવરી ક્લાસની ત્રીજી સબમરીન આઈએનએસ કરંજના ચારથી પાંચ મહિનામાં નૌસેનામાં સામેલ થવાની સંભાવના છે. કરંજને ૨૦૧૮માં સમુદ્રના પરીક્ષણો માટે મોકલવામાં આવી હતી અને સૂત્રો અનુસાર આ પરીક્ષણ સફળ થયા છે. આ ક્લાસની ચોથી સબમરીન આઈએનએસ વેલા પણ આગામી વર્ષના અંત સુધી નૌસેનામાં સામેલ થઈ જશે.

કલવરી ક્લાસની પહેલી બે સબમરીન કલવરી અને ખંડેરી પહેલા જ નૌસેનામાં સામેલ થઈ ચૂકી છે. કલવરી ક્લાસની કુલ ૬ સબમરીનનું નિર્માણ મુંબઈના મઝગાંવ ડૉક લિમિટેડમાં કરવામાં આવી રહ્યુ છે. આ સબમરીન સમુદ્રમાં ૫૦ દિવસ સુધી રહી શકે છે અને એકવારમાં ૧૨૦૦૦ કિમી સુધીની યાત્રા કરી શકે છે. જેમાં ૮ ઓફિસર અને ૩૫ નૌસૈનિક કામ કરે છે અને આ સમુદ્રની અંદર ૩૫૦ મીટર સુધી ડાઈવ લગાવી શકે છે.

કલવરી ક્લાસની સબમરીન સમુદ્રની અંદર ૩૭ કિમી પ્રતિ કલાકની ગતિથી ચાલી શકે છે. જેમાં સમુદ્રની અંદર કોઈ સબમરીન અથવા સમુદ્રની સપાટી પર કોઈ જહાજને તબાહ કરવા માટે ટોરપિડો હોય છે. આ સિવાય, આ સમુદ્રમાં લેન્ડમાઈન્સ પણ બિછાવી શકે છે.

ભારતીય નૌસેનાએ ૧૯૯૭માં સબમરીન બેડાને તાકાતવર બનાવવા માટે એક મોટી યોજના બનાવી હતી. આ અંતર્ગત ૨૦૨૪ સુધી નવી ૨૪ સબમરીન બનાવવાની યોજના હતી પરંતુ આ યોજના હજુ સુધી સમયથી પાછળ ચાલી રહી છે. કલવરી ક્લાસ એટલે પ્રોજેક્ટ ૭૫ હેઠળ પહેલી સબમરીન ૨૦૧૭માં નૌસેનામાં સામેલ થઈ છે. આ પ્રોજેક્ટના હજુ ૨૦૨૨ સુધી પૂરી થવાની સંભાવના છે. એર ઈન્ડિપેન્ડેન્ટ પ્રોપેલ્શનથી લેસ વધારે આધુનિક સબમરીનનો પ્રોજેક્ટ જલ્દી શરૂ થવાની આશા છે. આ પ્રોજેક્ટ માટે જલ્દી જ ટેન્ડર નીકળવાનુ છે. આ ૧૨ સબમરીન સિવાય ૧૨ ન્યુક્લિયર સબમરીન બનાવવાની ભારતની યોજના છે.

## તંત્રી સ્થાનેથી...

# કૉંગ્રેસ નહેરૂ-ગાંધી ખાનદાનથી આગળ નહીં વધે

કૉંગ્રેસના ૨૩ નેતાઓએ સોનિયા ગાંધીને કાયમી પ્રમુખપદને મુદ્દે નિર્ણય લેવા પત્ર લખ્યો તેના કારણે કૉંગ્રેસ પ્રમુખપદને મામલે જોરદાર ધમાસાણ મચશે એવી આશા રાખનારા સોમવારે નિરાશ થઈ ગયા. કૉંગ્રેસના ૨૩ નેતાઓએ સોનિયા ગાંધીને કાયમી પ્રમુખપદને મુદ્દે નિર્ણય લેવા પત્ર લખ્યો તેના કારણે બગડેલાં સોનિયા ગાંધીએ પ્રમુખપદ છોડી દેવાની ઓફર કરી નાખી તેથી સૌને એવું લાગેલું કે આ વખતે સોનિયા નહીં જ રહે. જો કે સીડબલ્યુસીની બેઠકમાં જે રીતનું નાટક ભજવાયું તેના પરથી લાગે છે કે કૉંગ્રેસને નેહરૂ-ગાંધી ખાનદાનથી આગળ વિચારી જ શકતી નથી. નહેરૂ-ગાંધી ખાનદાનના ભક્તજનોને કૉંગ્રેસ તો ગમે તે સંજોગોમાં પ્રમુખપદ નહેરૂ-ગાંધી ખાનદાન પાસે રહે એટલું જોઈએ જ છે. રાજકારણમાં આ બધું પહેલેથી નક્કી કરાયેલી સ્ક્રિપ્ટ પ્રમાણે ચાલતું હોય છે. સીડબલ્યુસીમાં પણ એ જ થયું એ જોતાં કૉંગ્રેસમાં પરિવર્તનને અવકાશ નથી એ સ્પષ્ટ છે.કૉંગ્રેસની ભવાઈએ એક વાત ફરી સાબિત કરી છે કે, કૉંગ્રેસ કશું શીખી નથી ને છેલ્લા એક વર્ષમાં આટલા બધા ગોદા ખાવા છતાં તેની સાન ઠેકાણે નથી આવી. કૉંગ્રેસે લોકસભાની ચૂંટણીમાં ધોળકું ધોળ્યું તેની જવાબદારી સ્વીકારીને રાહુલ ગાંધીએ કૉંગ્રેસ પ્રમુખપદેથી રાજીનામું આપ્યું પછી આ જ ખેલ ચાલેલો.સોનિયાના નેતૃત્વ સામે અવાજ ઉઠાવ્યો એ બધાએ શૂરાતનમાં આવીને સહીઓ તો કરી દીધી પણ એ બધા પણ ફસકી જ ગયા છે કેમ કે અંતે તો એ બધા કૉંગ્રેસી જ છે. તેમને પણ બીજા કૉંગ્રેસીઓની જેમ ગુલામીની માનસિકતા ખાનદાની વારસામાં મળી છે. આઝાદી પહેલાં કૉંગ્રેસમાં મહાત્મા ગાંધી ને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા ધુરંધર નેતા હતા તેથી કૉંગ્રેસમાં નહેરૂનું વર્ચસ્વ ના સ્થપાયું. એ વખતે જવાહરલાલ નહેરૂ કૉંગ્રેસની ત્રિપુટીનો ભાગ હતા અને તેમણે ગાંધીજીને પૂછીને નિર્ણય લેવા પડતા હતા.આઝાદી પછી પણ સરદાર પટેલ રહ્યા ત્યાં સુધી નહેરૂની મનમાની નહોતી ચાલતી. આઝાદી પછી તરત જ એટલે કે ચાર મહિના પછી જાન્યુઆરી, ૧૯૪૮માં ગાંધીજીની હત્યા થઈ એટલે ગાંધીજી તો ચિત્રમાં ના રહ્યા પણ સરદાર પટેલ જીવતા હતા ત્યાં સુધી તેમણે કૉંગ્રેસને નહેરૂ-ગાંધી ખાનદાનની બાપીકી પેઢી નહોતી બનવા દીધી. ૧૯૫૦માં સરદાર પટેલનું નિધન થયું પછી જવાહરલાલ નહેરૂ સામે કોઈ પડકાર ના રહ્યો.

૧૯૫૦માં સરદાર પટેલના કારણે ચૂંટાયેલા પુરૂષોત્તમદાસ ટંડનની મુદત પૂરી થઈ પછી નહેરૂ-ગાંધી યુગ શરૂ થયો ને શરૂઆત નહેરૂથી જ થઈ. એ પછીનાં વર્ષોમાં એકાદ-બે અપવાદને બાદ કરતાં કૉંગ્રેસ પ્રમુખપદે કાં નહેરૂ-ગાંધી ખાનદાનની વ્યક્તિ આવી છે કાં તેમના ચાપલૂસ આવ્યા છે. આ ચાપલૂસોએ કૉંગ્રેસને ખાનદાનની બાપીકી પેઢી બનાવવામાં પૂરું યોગદાન આપ્યું તેથી કૉંગ્રેસમાં લોકશાહી ખતમ જ થઈ ગઈ.કૉંગ્રેસમાં નવા નેતા આવતા ગયા, નવા કાર્યકરો પણ આવતા ગયા પણ કૉંગ્રેસીઓ નહેરૂ-ગાંધી ખાનદાન સિવાય બીજા કોઈ વિશે વિચારી જ ના શકે એવી સ્થિતિ બહુ પહેલાં જ થઈ ગઈ હતી. પેઢીઓની પેઢીઓ તેમની ચાપલૂસી ને ખુશામતખોરી કરીને જ ટકી રહી. આ ખાનદાન જ આપણું માઈ-બાપ છે ને તેના વિના આરો ઓવારો નથી એવી માન્યતા કૉંગ્રેસીઓના માનસમાં ઘર કરી ગઈ છે. નવા નેતાઓ આવ્યા એ પણ આ રીતે જ આવ્યા ને તેમણે આ વારસાને બરાબર પચાવ્યો છે. આ માનસિકતા હજુ જતી નથી તેથી કૉંગ્રેસીઓ નહેરુ-ગાંધી ખાનદાનથી આગળ વિચારી શકતા નથી.આ બાબત આઘાતજનક છે ને વધારે આઘાત એ જોઈને લાગે કે, કૉંગ્રેસ માનસિક રીતે એટલી ગરીબ થઈ ગઈ છે કે, પ્રમુખપદ માટે નહેરૂ-ગાંધી ખાનદાન સિવાય બીજાં કોઈ નામો પર ચર્ચા સુધ્ધાં કરવા તૈયાર નથી. કૉંગ્રેસ પાસે નેતાઓની કમી નથી. કૉંગ્રેસ રાષ્ટ્રીય સ્તરે નબળી પડી છે ને રાષ્ટ્રીય સ્તરે ખાનદાનના ચમચા ચડી બેઠા છે એ કબૂલ પણ રાજ્ય કક્ષાએ કૉંગ્રેસ પાસે હજુ મજબૂત કહેવાય એવા નેતાઓ છે જ. કૉંગ્રેસ રાજસ્થાન, મધ્ય પ્રદેશ, પંજાબ ને છત્તીસગઢ જેવાં મહત્ત્વનાં રાજ્યોમાં કૉંગ્રેસ સત્તામાં પ્રાદેશિક નેતાઓના જોરે જ આવી હતી. લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસનું બધે નામું નખાઈ ગયું ત્યારે પણ કેરળ જેવા રાજ્યમાં કૉંગ્રેસે સારો દેખાવ કર્યો જ હતો. કૉંગ્રેસ પાસે રાજ્યોમાં સારા નેતા ના હોય તો આ રાજ્યોમાં કૉંગ્રેસનો દેખાવ સારો ના જ હોત. કૉંગ્રેસ રાહુલ ને સોનિયાની માળા જપે છે પણ તેમનો હવે કોઈ પ્રભાવ જ નથી. રાહુલના નેતૃત્વમાં કૉંગ્રેસ ૨૦૧૯ની ચૂંટણી લડી ને સાવ પચાસ બેઠકો પર આવીને લબડી ગઈ. કૉંગ્રેસ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી સોનિયા ગાંધીના નેતૃત્વમાં લડી હતી. એ વખતે કૉંગ્રેસને સાવ ૪૪ બેઠકો મળી હતી. કૉંગ્રેસના ઈતિહાસમાં આટલી ઓછી બેઠકો કોઈ વખત નથી મળી. આટલી બેઠકો તો પ્રાદેશિક પક્ષો લઈ આવે છે. સોનિયા ગાંધીને ફરીથી કૉંગ્રેસના અધ્યક્ષ બનાવવા પાછળ પક્ષમાં ગાંધી પરિવાર સિવાય કોઈ વિકલ્પ ન હોવાનું વરિષ્ઠ પત્રકારનું માનવું છે.તેઓ જણાવે છે, કૉંગ્રેસ માટે મૂળ સમસ્યા એ છે કે એની પાસે ગાંધી પરિવાર સિવાય કોઈ ચહેરો નથી.પંડિત નહેરુના જમાનાથી તમે જુઓ તો કૉંગ્રેસ પક્ષનું કલ્ચર જ એ રહ્યું છે કે એ એક વ્યક્તિની આસપાસ ફરતો પક્ષ છે.એની પાસે સંગઠન શક્તિ નથી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૬-૮-૨૦૨૦, **બુધવાર**, ભાદરવા સુદ-૯
સૂર્યોદય-૬-૨૯, સૂર્યાસ્ત-૭-૦૯, જૈન નવકારશી-૭-૧૭,
આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ વિશાખા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૯-૩૯થી ચલ-લાભ-અમૃત ૧૪-૨૪ સુધી, ૧૫-૫૯થી શુભ-૧૭-૩૪ સુધી, ૨૦-૩૪ થી લાભ-૨૧-૫૯ સુધી, ૨૩-૨૪થી શુભ-અમૃત-ચલ-૨૭-૩૯ સુધી

**- શુભ હોરા-**

૮-૩૫ થી ૧૧-૪૫ સુધી,૧૨-૪૯થી ૧૩-૫૨ સુધી,૧૫-૫૯થી ૧૯-૦૯ સુધી,૨૦-૦૫ થી ૨૧-૦૨ સુધી

### એક રિપોર્ટમાં ખુલાસો

# શશી થરૂરના ઘરે સોનિયાને લખેલા પત્રની યોજના ઘડાઈ હતી

**આ બેઠકમાં ચિદમ્બરમ્,કાર્તિ ચિદમ્બરમ્,સચિન પાયલટ, અભિષેક મનુ સિંધવી અને મણિશંકર ઐય્યર જેવા નેતા સામેલ હતા**

ન્યુ દિલ્હી,તા.૨૫

કોંગ્રેસ પાર્ટીમાં બદલાવની માંગણીને લઇ પાર્ટી અધ્યક્ષા સોનિયા ગાંધીને લખાયેલી ચિઠ્ઠીને લઇ હોબાળો થઇ ગયો છે. હવે એક મીડિયા રિપોર્ટના હવાલેથી કહેવાય છે કે આ ચિઠ્ઠીની પટકથા પાંચ મહિના પહેલાં કોંગ્રેસ સાંસદ શશિ થરૂર દ્વારા આપવામાં આવેલ ડિનર પાર્ટીમાં લખાઇ હોઇ શકે છે. આપને જણાવી દઇએ કે શશિ થરૂરની ડિનર પાર્ટી માર્ચમાં થઇ હતી અને તેમાં કોંગ્રેસના કેટલાંય વરિષ્ઠ નેતા સામેલ થયા હતા.

ઉલ્લેખનીય છે કે શશિ થરૂરની ડિનર પાર્ટીમાં સામેલ થનાર કેટલાંય નેતાઓએ આ ચિઠ્ઠી પર હસ્તાક્ષર કર્યા નહોતા. એક મીડિયા રિપોર્ટના મતે શશિ થરૂરની આ ડિનર પાર્ટીમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી પી.ચિદમ્બરમ, તેમના દીકરા કાર્તિ ચિદમ્બરમ, સચિન પાયલટ, અભિષેક મનુ સિંધવી અને મણિશંકર ઐય્યર જેવા નેતા સામેલ થયા હતા પરંતુ તેમણે ચિઠ્ઠી પર હસ્તાક્ષર કર્યા નથી.

જો કે શશિ થરૂરની ડિનર પાર્ટીમાં સામેલ થનાર કેટલાંય નેતાઓએ પાર્ટીના પત્રને લઇ ઔપચારિક વાતચીત થયાની ના પાડી દીધી છે. અભિષેક મનુ સિંધવીએ કહ્યું કે મને શશિ થરૂર દ્વારા પાર્ટીમાં આમંત્રિત કરાયા હતા. આ પાર્ટીમાં પાર્ટીની અંદર સુધારને લઇ અનૌપચારિક વાતચીત થઇ હતી. જો કે મને કોઇ પત્ર અંગે કોઇ માહિતી આપવામાં આવી નહોતી.

તો પાર્ટીમાં સામેલ થનાર નેતાઓમાં સામેલ મણિશંકર ઐય્યરે કહ્યું કે મેં પત્ર પર હસ્તાક્ષર કર્યા નહોતા અને આ અંગે મને કંઇ ખબર પણ નહોતી. મને કોઇએ સહી કરવા માટે કહ્યું નહોતું. ઐય્યરે એમ પણ કહ્યું કે પાર્ટીમાં સુધારના મુદ્દા પર સામાન્ય વાતચીત થઇ હતી. આ દરમ્યાન પત્ર લખવાને લઇ સલાહ અપાઇ હતી. જેનો કોઇએ વિરોધ કર્યો નહોતો પરંતુ ડિનર દરમ્યાન કોઇએ મને કંઇ કહ્યું નહોતું.

તો બીજા એક સાંસદે નામ ના જાહેર કરવાની શરતે કહ્યું હતું કે તેઓ શશિ થરૂરની પાર્ટીમાં હાજર હતા અને તેમણે ચિઠ્ઠી પણ હસ્તાક્ષર કર્યા હતા. કારણ કે તેમને લાગ્યું કે કોંગ્રેસને તાત્કાલિક બદલાવની જરૂર છે. આપને જણાવી દઇએ કે હાલ કોંગ્રેસમાં યથાસ્થિતિ પુનઃસ્થાપિત થઇ ગઇ છે અને સોનિયા ગાંધી હાલ વચગાળાના અધ્યક્ષાનું પદ સંભાળતા રહેશે.

# મની લોન્ડરિંગ કેસઃ નીરવ મોદીની પત્ની સામે રેડ કોર્નર નોટિસ જાહેર

*ન્યુ દિલ્હી,તા.૨૫*

ભારતમાં ભાગેડુ નીરવ મોદી પર મની લોન્ડ્રિંગનો કેસ ચાલી રહ્યો છે. ત્યારે હવે નીરવ મોદીની પત્ની સામે પણ ઈન્ટરપોલે રેડ કોર્નર નોટિસ જાહેર કરી છે. નીરવ મોદી સામે તો પહેલાથી જ રેડ કોર્નર નોટિસ જાહેર કરાઇ છે. ભારતમાં તો પહેલાથી જ નીરવ મોદીની પત્ની સામે મની લોન્ડ્રિંગનો કેસ ચાલી રહ્યો છે. ઈન્ટરપોલ એટલે કે આંતરરાષ્ટ્રીય પોલિસ સંગઠન. ઈન્ટરપોલની રેડ કોર્નર નોટિસ એટલે કે અપરાધીની આંતરરાષ્ટ્રીય ધરપકડની કામગીરી શરુ થઇ જશે. આ પહેલા ઈન્ટર પોલે નીરવ મોદી, તેના ભાઈ નેહલ અને બહેન પૂર્વી સામે પણ નોટિસ જાહેર કરી છે.

ભાગેડુ નીરવ મોદી અત્યારે બ્રિટનમાં છે. બ્રિટનની કોર્ટમાં તેના પ્રત્યાર્પણનો કેસ ચાલી રહ્યો છે. આ પહેલા જુલાઇ મહિનામાં કોર્ટે બ્રિટનમાં નીરવ મોદીની અટકાયત ૬ ઓગષ્ટ સુધી લંબાવી હતી. ૬ ઓગષ્ટના દિવસે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી નીરવ મોદીને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં તેની કસ્ટડીને ૨૭ ઓગષ્ટ સુધી વધારી દેવામાં આવી છે.

નીરવ મોદીના પ્રત્યારર્પણ અંગેની સુનવણી હવે બ્રિટનમાં સપ્ટેમ્બર મહિનાથી શરુ થનાર છે. ઉલ્લેખનીય છે કે નીરવ મોદીએ પંજાબ નેશનલ બેંક સાથે કોરોડો રુપિયાનું ફ્રોડ કર્યુ હતું. ત્યારબાદ તે વિદેશ ભાગી ગયો છે અને ભારતે તેને ભાગેડુ જાહેર કર્યો છે.

### સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ આદેશ આપતા જણાવ્યું

# ફ્લેટના પઝેશનમાં વિલંબ થશે તો બિલ્ડર્સ હોમ બાયર્સને વાર્ષિક ૬% વ્યાજ આપશે

ન્યુ દિલ્હી,તા.૨૫

જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ અને કે.એમ. જોસેફની એક બેન્ચે DLF Southern Homes Pvt Ltd અને Annabel Builders & Developers Pvt Ltdને દર વર્ષે બાયર્સને ફ્લટની કિંમત પર ૬ ટકા વ્યાજ આપવા માટે કહ્યું છે. આ બંને બિલ્ડર્સ બેંગલુરુમાં ફ્લેટ બનાવી રહ્યા છે. બેન્ચે કહ્યું કે જે બાયર્સના ફ્લેટના પઝેશન આપવામાં બેથી ચાર વર્ષનો વિલંબ થઈ ચૂક્યો છે બિલ્ડર્સ તેમને વ્યાજ આપશે. Southern Homes Pvt Ltdને હવે BEGUR OMR Homes Pvt Ltdના નામથી ઓળખવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે એનસીડીઆરસીના ૨ જુલાઈ, ૨૦૧૯ના એ આદેશને પણ રદ કરી દીધો જેમાં ૩૩૯ ફ્લેટ ખરીદનારાઓની ફરિયાદ ફગાવી દેતાં કહ્યું હતું કે વિલંબ કે વાયદાના અનુરૂપ સુવિધાઓ ન મળવાની સ્થિતિમાં ફ્લેટ ખરીદ સમજૂતીમાં નિર્ધારિત કરવામાં આવેલી રકમથી વધુ વળતરના હકદાર નથી.

સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું કે, ફ્લેટ ડિલીવરીમાં વિલંબ થતાં ૫ રૂપિયા પ્રતિ સ્કવેર ફુટના હિસાબથી બિલ્ડર પહેલાની જેમ પેનલ્ટી આપશે. તેની સાથે જ બિલ્ડર્સને હવે ફ્લેટની કિંમત પર વર્ષે ૬ ટકા વ્યાજ પણ હોમ બાયર્સને ચૂકવવું પડશે. બેન્ચે કહ્યું કે, શરૂઆતમાં બિલ્ડર્સને વાર્ષિક ૬ ટકા વ્યાજ આપવું પડશે. પરંતુ ફ્લેટ પઝેશનમાં ૩૬ મહિનાથી વધુનો વિલંબ થશે તો પઝેશન સુધી કમ્પાઉન્ડ ઈન્ટરેસ્ટના હિસાબથી પેનલ્ટી આપવી પડશે.

## ત્રિવેન્દ્રમ હવાઈમથકને ભાડે ન આપવા માટે કેરળની વિધાનસભાનો ઠરાવ

તિરુવનંતપુરમ્,તા.૨૫

ત્રિવેન્દ્રમ હવાઈમથક અડાણી એન્ટરપ્રાઈસીસ લિ.ને ભાડે આપવાના કેન્દ્રીય કેબિનેટના આદેશના વિરોધમાં કેરળની વિધાનસભાએ સર્વસંમતિથી ઠરાવ પસાર કર્યો હતો.

મુખ્ય પ્રધાન પિનારયી વિજયને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે પોતાના નિર્ણય પર પુનઃવિચાર કરવો જોઇએ અને હવાઈમથકનું સંચાલન અને મેનેજમેન્ટ જેમાં રાજ્ય સરકારનો હિસ્સો છે એવાં સ્પેશિયલ પર્પઝ વ્હિકલ્સ (એસપીવી)ને સોંપવું જોઇએ.

અડાણી જેટલા જ નાણાં ચૂકવવાની તૈયારી રાજ્ય સરકારે બતાવી હોવા છતાં હવાઈમથકનું ખાનગીકરણ કરવું અયોગ્ય છે. જોકે, સોનાની તસ્કરીના આક્ષેપ બાદ મુખ્ય પ્રધાનના રાજીનામાની માગણી કરતા ભાજપના વિધાનસભ્યો વિધાનસભાની બહાર ધરણાં પર બેઠાં હતા એ વખતે ટૂંકી ચર્ચા બાદ ઠરાવ પસાર જાહેર કરાયો હતો. ભાજપના વિધાનસભ્યોએ આ બાબતનો વિરોધ કરતા જણાવ્યું હતું કે ઠરાવ સર્વસંમતિથી પસાર નહોત કરાયો.

# નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ કરનાર કર્ણાટક દેશનું પહેલું રાજ્ય બનશે

બેંગ્લુરુ,તા.૨૫

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ કરનાર કર્ણાટક દેશનું પહેલું રાજ્ય બનશે, એમ નાયબ મુખ્ય પ્રધાન ડૉ. સી. એન. અશ્ર્વથ નારાયણે સોમવારે કહ્યું હતું.

નવી શિક્ષણ નીતિનો અમલ કરવા કાયદા તેમ જ વહીવટી સ્તરે જરૂરી સુધારા કરવા માટે સરકાર તમામ તૈયારી કરી રહી હોવાનું તેમણે કહ્યું હતું. 'હાઈલાઈટ્સ ઑફ ધ નેશનલ ઍજ્યુકેશન પૉલીસી ઍન્ડ ઈટ્સ ઈમ્પલિમેન્ટેશન' અંગેના પાંચ દિવસના ઑનલાઈન વર્કશોપનું ઉદ્ઘાટન કરતા તેમણે કહ્યું હતું કે નવી શિક્ષણ નીતિનો અમલ કરનાર કર્ણાટક દેશનું પહેલું રાજ્ય બનશે. બેંગલોર યુનિવર્સિટી દ્વારા આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. ચોક્કસ લક્ષ્યો અને સ્પષ્ટ એજન્ડા સાથે રાજ્ય નવી શિક્ષણ નીતિના અમલની દિશામાં આગળ વધી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

નવી શિક્ષણ નીતિનો તબક્કાવાર અમલ થઈ શકે તે માટે ઉચ્ચ સ્તરીય સમિતિએ અનેક સૂચનો પણ કર્યા છે, એમ તેમણે કહ્યું હતું. નવી શિક્ષણ નીતિને કારણે વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ મળશે, એમ તેમણે કહ્યું હતું.

# વડાપ્રધાન મોદીના પ્રસ્તાવક ૫૫ વર્ષીય ડોમ રાજાનું લાંબી બીમારી બાદ નિધન

વારાણસી,તા.૨૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ઉમેદવારી પત્રકમાં પ્રસ્તાવક તરીકે રહેલા ડોમ રાજાનું આજે સવારે લાંબી માંદગી બાદ અવસાન થયું હતું. વારાણસીના ૫૫ વર્ષના ડોમ રાજા સિગરાના એક પ્રાઈવેટ નર્સિંગ હોમમાં સારવાર હેઠળ હતા. સીએમ યોગીએ પણ શ્રદ્ધાંજલી અર્પી હતી. ડોમ રાજાના કુટુંબીજનોએ જણાવ્યું હતું કે આજે પરોઢિયે તેમની તબિયત વધુ બગડતાં અમે તરત તેમને એક પ્રાઈવેટ નર્સિંગ હોમમાં લઇ ગયા હતા. ત્યાં થોડીવાર પછી તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. જાંઘમાં થયેલા એક જખમના કારણે તેમની ઘણા સમયથી સારવાર ચાલી રહી હતી. ડોમ રાજાના નિધનના સમાચાર મળતાં તરત લોકો ત્રિપુરા ઘાટ પર આવેલા ડોમ રાજાના નિવાસસ્થાને પહોંચવા લાગ્યા હતા. કુટુંબીજનોએ કહ્યું કે તેમના અંતિમ સંસ્કાર મણીકર્ણિકા ઘાટ પર કરવામાં આવશે. દરમિયાન, તેમના નિવાસસ્થાન નજીક ચાહકોની મોટી ભીડ જામી ગઇ હતી. વારાણસીથી બીજીવાર સંસદીય ચૂંટણી લડતી વખતે નરેન્દ્ર મોદીના ટેકેદાર તરીકે ડોમ રાજા જગદીશ ચૌધરી પણ હાજર હતા. તેમણે મિડિયા સાથેની વાતચીત દરમિયાન કહ્યું હતું કે જીવનમાં પહેલીવાર કોઇ રાજકીય પક્ષ અને ખાસ તો વડા પ્રધાને અમને માન્યતા આપી હતી.

# પ્રશાંત ભૂષણની વિરુદ્ધ કોર્ટની અવમાનના કેસમાં સુનાવણી ટળી

ન્યુ દિલ્હી,તા.૨૫

પ્રશાંત ભૂષણ વિરુદ્ધ કોર્ટની અવમાનના કેસમાં ચાલી રહેલી સુનાવણી હાલ ટળી ગઈ છે. સુપ્રીમ કોર્ટની નવી બેચ હવે આ મામલે સુનાવણી કરશે. કેસ પર સુનાવણી કરી રહેલી જસ્ટિસ અરુણ મિશ્રાની બેંચે કેસને ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાને મોકલી દીધો છે. સીજેઆઈ હવે નવી બેંચનું ગઠન કરશે. સુનાવણી દરમિયાન જસ્ટિસ અરુણ મિશ્રાએ જણાવ્યું કે તેઓ રિટાયર થઈ રહ્યા છે અને આગામી સુનાવણી કરનારી બેંચ નક્કી કરશે કે આ કેસને મોટી બેંચને મોકલવો જોઈએ કે નહીં. અગાઉ સુનાવણી દરમિયાન પ્રશાંત ભૂષણે જણાવ્યું હતું કે, તેઓ તેમને આપેલા નિવેદન બદલ બિનશરતી માફી માગશે નહીં. હવે કેસ પર સુનાવણી ૧૦ સપ્ટેમ્બર સુધી ટળી ગઈ છે. અગાઉ પ્રશાંત ભૂષણે બિનશરતી માફી માગવાથી ઈનકાર કરતા જણાવ્યું હતું કે, જો મેં મારું નિવેદન પાછું ખેંચ્યું કે માફી માગી તો મારી નજરમાં મારી અંતરાત્મા અને સુપ્રીમ કોર્ટની અવમાનના હશે જેનું હું સૌથી વધારે સન્માન કરું છું.

# જીવનસાથી- જીવનભરનો સાચો સંબંધ





લગ્ન બાદ દરેક નવપરિણીતા પોતાના ઘરમાં એકલતા અનુભવે છે. લગ્નબાદ ફરીને આવ્યા પછી કે લગ્ન પ્રસંગ પૂરો થયા પછી દરેક પતિ તેની નોકરીમાં ગોઠવાઇ જાય છે અને નવવધુને ઘરમાં રહેતા લોકો સાથે રહેવાનું હોય છે. જો બે વ્યક્તિ એકલા રહેતા હોય તો તે યુવતી માટે આખો દિવસ ખૂબ જ કંટાળાજનક બની જતો હોય છે. પતિ ઓફિસ જવા લાગે. ઓફિસના કામથી મોટા ભાગે બહાર રહેવાનું થતું હોય. તો ફોન પરની વાતચિત પણ ઓછી થવા લાગે છે. નવી વ્યક્તિ માટે ઘરનું વાતાવરણ નવું હોય છે એટલે અડોશપડોશમાં તેનું મન બહુ લાગે છે. ક્યારેક તે એકલતાથી ઉબાઈ જાય ત્યારે તે લગ્નનું આલબમ કાઢીને જીવનના અણમોલ પ્રસંગના પાનાં ફેરવવા લાગે છે.

આવા સમયે એકલતામાં જયારે પતિના સાથની જરૂર હોય અને પતિ સાથે ન હોય તો તે પોતાના પતિ વિશે જ વિચારવા ઈચ્છતી હોવા છતાંય મનના શાંત ખૂણામાં રહેલી કોઈ પ્રિય વ્યક્તિનો ધૂંધળો પડછાયો તેની સામે જીવંત બની જાય છે. ભૂતકાળની લાગણીસભર ક્ષણો અને વાતો હૈયામાં ઊભરાઈ અવે છે. જ્યાં સુધી તે તેના પતિ અને કુટુંબ વચ્ચે રહેતી ત્યારે થોડા સમય માટે ભૂલી જાય, પરંતુ જ્યારે પણ તે એકલી પડે ત્યારે પ્રિય પાત્રની યાદ ધીમા પગલે તેની પાસે આવીને ઊભી રહે. તેના વિશે જાણવા અને તેને એક નજરે જોઈ લેવા તેનું મન બેચેન બની જાય.

આવું ઘણી યુવતીઓ સાથે થાય છે. જે સમાજ, પરિસ્થિતિ અને લાગણીના દબાણમાં આવી લગ્ન કરી તો લે છે, પરંતુ પોતાના પહેલાં પ્રેમને લગ્ન પછી પણ ભૂલી શકતી નથી. તે પતિ સાથે ફેરા લીધા પછી પણ પતિના મન સાથે ફેરા નથી લઈ શકતી.

કિશોરવયનો પ્રેમ કે પહેલો પ્રેમ ખૂબ જ સંવેદનશીલ હોય છે, જેને ભૂલવાનું અત્યંત મુશ્કેલ હોય છે. એ સમયે યુવાન થયેલું મન કેવો રસ્તો પકડશે એ કહેવું મુશ્કેલ છે. એક તરફ પ્રેમીના ભાવુક ઉદગાર તથા બીજી તરફ લગ્નજીવનમાં પ્રવેશ અને સાસરીમાં વધતી જતી જવાબદારીઓ. આ વિષમ સ્થિતિનાં કેટલાંક કારણો એવા પણ હોય છે જે સુખી લગ્નજીવન માટે અડચણરૂપ છે.


યુવતીઓ વધુ પડતી ભાવુક અને લાગણીશીલ હોય છે. તે વર્તમાન જીવનની બદલાતી પરિસ્થિતિમાં પોતાને બરાબર રીતે ગોઠવી શકતી નથી. ભૂતકાળની સુખદ પળો અને ઉન્મુક્ત વાતાવરણની અસર વર્તમાન જીવન પર અસર કરે છે. પ્રેમના ભાવુક ઉદગારોને સાચાં માનવા લાગે છે. તેના પર આંધળો વિશ્વાસ મૂકે છે. પતિ કરતાં પ્રેમી તેને વધુ ચાહે છે એવું માનવા લાગે છે. સામાન્ય રીતે નવપરિણીત પત્નીઓ પતિને પોતાની નજરે જોતી હોય છે અને વિચારતી હોય છે કે તેના મન મુજબ પતિ તેની સાથે વર્તન કરે. જો કોઈ નવપરિણીતાના જીવનમાં કોઈ પ્રેમી રહ્યો હોય, તો તેની ટેવ અને સ્વભાવની સરખામણી પતિ સાથે કરે છે. જયારે પતિ કોઈ વાત સ્વીકારતો નથી ત્યારે પ્રેમીને યાદ કરી ભાવુક બની જાય છે. પ્રેમી દ્વારા કરાયેલી દલીલો અને આશ્વાસનને



સાચાં સમજે છે. જેને કારણે લગ્ન પછી પ્રેમી સાથે બહારના સંબંધો ચાલુ રહે છે. કેટલીક યુવતીઓ પ્રેમીની સફળતા અને ઊંચા પ્રકારની રહેણીકરણીના કારણે તેના તરફ આકર્ષાયેલી રહે છે. તે વિચારે છે કે પતિની આર્થિક હાલતને પ્રેમી દ્વારા પૂરી કરાવી લેશે. કેટલીક નવપરિણીતાઓની ફરિયાદ હોય છે, કે પતિ તેના પિયર પક્ષના લોકોને મહત્વ આપતો નથી. જો પત્નીના પિયરિયાંની આવનજાવન વધુ રહે છે તો પતિ ભડકે છે. આ ઉપરાંત તેને એવી ગંભીર ફરિયાદ પણ રહે છે, કે સાસરામાં પોતે એકલી છે છતાં પતિ તેને સમય, પ્રેમ અને સાથ આપતો નથી. ઘરમાં લેવાતા નિર્ણયોમાં તેને પૂછવામાં આવતું નથી. એટલે અલગ અલગ રીતે થતા અસંતોષને કારણે ભૂતકાળના પ્રેમીને યાદ કરી આંસુ સારે છે અથવા તો ફરી તેની સાથે જોડાઈ જાય છે. ઉપરની વાતોને ધ્યાનમાં રાખીને નવપરિણીતાઓએ સંયમ, ધીરજ અને વ્યવહારકુશળતા સાથે કામ લેવું જોઈએ. એ સાચું છે કે કોઈ નાજુક અને ભાવુક ક્ષણોમાં એકબીજાના થઈ જવાના સોગંદ ખાધા હોય. બની શકે કે કોઈ નબળી ક્ષણોએ તેમની વચ્ચે શારીરિક સંબંધ પણ સ્થાપિત થઈ ગયો હોય.પરંતુ જીવનમાં પસાર થઈ ગયેલા સમયમાં પ્રેમીને પાછળ છોડી નવા ઘરમાં આવી છે, એટલે નવા ઘરમાં ભાવુકતા, સંવેદનાને સકારાત્મક બનાવી રાખે. તેણે ધ્યાન રાખવું પડશે કે વધુ પડતી ભાવુક્તા ખતરનાક હોય છે. તે પોતાની સંવેદનાને રચનાત્મક કાર્યમાં પરોવે, પોતાના નવા ઘરસંસારમાં આનંદમાં રહેવાનો પ્રયાસ કરે.

ઘણી વ્યક્તિઓને સાસરી અને પિયરપક્ષની રુચિઓ અને અપેક્ષાઓ સાથે જોડાયેલી હોય છે. બની શકે કે પતિ ઘનિષ્ઠ રીતે તમારી સાથે જોડાયેલા હોવા છતાં તેની ઘનિષ્ઠતાને તેબતાવી નહીં શકે. એવું પણ બની શકે કે તમારાથી દૂર રહીને ખાલીપો અને એકલતાનો અનુભવ કરતા હોય. પોતાના હૈયાને મનાવી સંસાર સાથે ચાલવું પડે છે અથવા તો બીજી રીતે કહીએ તો બીજાના સુખમાં પોતાનું સુખ શોધવું જોઈએ તથા પોતાના પતિ સિવાય અન્ય કોઈ વ્યક્તિ તમારી વધુ નજીક તો રહેતી જ નથી.તેથી જે વર્તમાન છે, તેની સાથે રહી જીવનને આગળ વધારવાનો પ્રયત્ન કરો. ભૂતકાળને ક્યારેય વર્તમાનમાં દાખલ થવા દેવો નહીં. લાગણીમાં તણાઈ જવાથી ભૂતકાળના કારણે વર્તમાન અને ભવિષ્ય બંને બગડી ન જાય તેનું ધ્યાન રાખવું તમારા હાથમાં છે.

# પુસ્તકાલયના પ્રણેતા ડો.પ્રતાપભાઈ પંડ્યા અનંતની વાટે



તખુભાઈ સાંડસુર

તમામ માણસોનું અવતરણ કોઈને કોઈ હેતુસર થતું હોવાનું ઘણી વાર લાગે છે. શિક્ષણ, સાહિત્ય અને કલા જગત સાથે જોડાયેલી મહાન હસ્તીઓ એજ રીતે પોતપોતાના કાર્યો માટે અસ્તિત્વમાં આવે છે અને ફરી વિલીન થઈ જાય છે. ડો. પ્રતાપભાઈ પંડ્યા મૂળ સૌરાષ્ટ્રની ભૂમિનું ફરજંદ પરંતુ તેણે પોતાની કર્મભૂમિ અંત સમયે વડોદરાને બનાવી. વડોદરામાં ગુજરાતી સહકારી પુસ્તકાલયના તેઓ પ્રમુખ બન્યા. એકાએક આ માણસ ગુજરાતમાં ખૂણે ખૂણે સદવિચારોને પહોંચાડવા પુસ્તકો ને હાથમાં લઈને જ્ઞાનની પરબ ગામડે ગામડે ખોલવા હામ ભીડે છે. આમ તો વાંચન માટેનું મહા અભિયાન સરકાર કક્ષાએથી નરેન્દ્ર મોદીએ ઉપાડેલું, પરંતુ મોદીના આ કાર્ય પહેલાં પ્રતાપભાઈ તેના પ્રણેતા બન્યાં હતાં, એ વાત નિર્વિવાદ છે. ગાંઠ્યનું ગોપીચંદન ખર્ચીને પુસ્તકોની લ્હાણી કરે એવો ગુજરાતમાં રણબંકો તમને ભાગ્યે જ મળે. પ્રતાપભાઈ તેમાં એકલવીર હતા. તેમણે ગુજરાતમાં પાંચ હજાર કરતા પણ વધુ× ઘર પુસ્તકાલયો× નું નિર્માણ કર્યું અને એક એક ઘરે પુસ્તકોની જ્યોત પહોંચાડવા તેઓ સતત મથતાં રહ્યા.

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના અડતાળા ગામમાં તેમનો ૪એપ્રિલ ૧૯૨૯ના દિવસે જન્મ થયો હતો. પછીથી તેઓ એક સાંજે શિક્ષક થવા માટે હાથમાં એક થેલી લઇ અને પગપાળા સણોસરાની વાટે નીકળી પડ્યાં. સવાર પડતાં લોકભારતી સણોસરાના દરવાજે જઈ સુઈ ગયાં. સવારે સંસ્થાના સંચાલક મૂળશંકર ભટ્ટની નજર તેના પર પડી અને પોતાને ઘેર લઈ જઈ અને વ્હાલથી તેને અધ્યાપન મંદિરમાં એડમિશન આપ્યું. અને શિક્ષક તરીકેની તાલીમનો પ્રારંભ થયો.તેઓ ઉત્તમ શિક્ષક બની રહ્યાં જીવન પર્યંત નાના એવા ૮૦ માણસો ના ગામ ચોસલાથી શરૂ કરેલી શિક્ષક જીવનની યાત્રા અનેક મુકામો, પડાવો પર પસાર થઈને આખરે નિવૃત્તિમાં પોતાનું જીવન વડોદરામાં ગાળતાં હતાં.

તેમની પાસે ભણેલાં હજારો વિદ્યાર્થીઓએ પોતાના જીવનને સુચારુ રીતે ઉજાળ્યું છે. તેમની પુત્રી મનીષાએ ×જાન હે તો જહાં હે×ના સૂત્રને સાર્થક કરી પોતે શારીરિક રીતે અશક્ત હોવા છતાં અમેરિકામાં પોતાની ઉત્તમ કારકિર્દી વિજ્ઞાનના ક્ષેત્રમાં અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ઘડીને સફળ થાય. એ જ રીતે દીકરો ગૌરાંગ પણ અમેરિકાના વિવિધ વ્યવસાયોમાં ટેકનોલોજી સાથે કામ પાડીને ઉત્તમ વ્યવસાયિક બન્યો. પરંતુ તેનો પાક પ્રસાદ રૂપે પ્રતાપભાઈ ગરવી ગુજરાતને વહેંચતાં રહ્યાં. તેના વિદ્યાર્થીઓ પૈકીના ઘણાં વિદ્યાર્થીઓ આજે દેશ-વિદેશમાં પોતાની ઉત્તમ નામના કેળવી શક્યાં છે. પુરુષોત્તમ રૂપાલા પણ પ્રતાપભાઈ ના વિદ્યાર્થી તરીકે ગૌરવ લે છે. તાજેતરમાં પરસોતમભાઈના ગામમાં જે શાળામાં પ્રતાપ ભાઈએ કામ કર્યું તે શાળાના નવનિર્માણ માટે રૂપિયા ૧૧ લાખનું દાન પ્રતાપભાઈએ કરીને શિક્ષકોને ખૂબ મોટી દિશા આપવાનો પ્રયત્ન કર્યો. આ રીતે પ્રતાપભાઈ માત્ર દાનવીર નહીં પણ રૂજુ સંવેદનશીલ વ્યક્તિત્વ હતાં. તેમની એક વાત કરવાની ચુકાઈ જશે કે તેઓ નિવૃત્ત થયાં પછી પીએચડીની પદવી હાંસલ કરીને ડોક્ટરેટ થયાં. તે પણ એક અજીબોગરીબ ઘટના છે.

કોઈ વ્યક્તિએ બે કરોડ ના પુસ્તકો અને અનેક સર્જકો ને પોતાના પ્રકાશનોમાં મદદનો હાથ લંબાવનાર પ્રતાપભાઈ ભૂલી શકાશે નહીં. સામાન્ય બીમારીના કારણે તેઓ ગઈ કાલે તા ૨૪-૮-૨૦ ના વડોદરામાંથી અનંતની વાટે નીકળી ગયા. તેમને તથા તેમના કાર્યોને શત શત વંદન

# કોરોના સંકટ વચ્ચે રુપાણી સરકાર નવરાત્રિના આયોજન છૂટટાટ આપે તેવી શક્યતા

ગાંધીનગર,તા.૨૫

ગુજરાતના ખેલૈયાઓ માટે સારા સમાચાર આવી શકે છે તેવા સંકેતો દેખાઈ રહ્યાં છે. નવરાત્રિમાં ગરબા માટે સરકાર છૂટછાટ આપી શકે છે. કોરોનાની મહામારી વચ્ચે નિયમો સાથે સરકાર નવરાત્રિના આયોજન માટે છૂટછાટ આપી શકે છે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. નવરાત્રિ યોજાશે કે નહિ તે ચર્ચાઓ વચ્ચે રાજકોટના એક મોટા ગરબા આયોજકે પાસ બુકીંગની જાહેરાત કરી છે. સરકારની છૂટછાટ પહેલા જ ગરબા આયોજકોએ તૈયારીઓ શરૂ કરી છે. ગુજરાતમાં નવ દિવસનો નવરાત્રિ ઉત્સવ ઉજવાય



છે. આવામાં ગુજરાતના સૌથી મોટા ફેસ્ટિવલમાં આયોજન થાય તેવી લોકોની માંગ છે. લોકોની માંગ હતી કે, છૂટછાટ સાથે ગરબા રમવા મળે. પરંતુ જો ગરબાનું આયોજન કરવું હશે તો સરકારની ગાઈડલાઈનનું પાલન કરવું પડી શકે છે. આ આયોજનમાં સરકાર કેવા પ્રકારની છૂડછાટ આપે છે તે હજી જાહેર થયુ નથી. પણ થોડા દિવસોમાં જ ચિત્ર સ્પષ્ટ થઈ જશે. અનલોક ૪માં સરકાર વધુ છૂટછાટો જાહેર કરી શકે છે, જેમાં નવરાત્રિ અંગે પણ મોટી જાહેરાતો થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, દોઢ મિના પહેલા ગરબા આયોજકોએ સરકાર સાથે બેઠકો યોજી હતી. ૩૧ ઓગસ્ટે અનલોક ૩ પૂરુ થઈ રહ્યું છે. અનલોક ૪ની ગાઈડલાઈન હજી બહાર પડી નથી. આવામાં સરકાર અનલોક ૪માં કેવા પ્રકારની છૂટછાટ આપે છે તે જોવું રહ્યું.

રાજ્ય સરકારે અગાઉ નવરાત્રીનું આયોજન નહીં થાય તેવું અનેક નિવેદનોમાં જણાવી ચૂકી છે, તેમ છતાં હાલ રાજકોટના સૌથી મોટા ગરબા આયોજક સુરભી ક્લબ દ્વારા પાસના બુકિંગની જાહેરાત કરવામાં આવી છે.

## ફોટો ગેલેરી




# સાહિત્ય સરિતા




બાળવાર્તા નઃ૧

દંભી સાધુ

નમસ્તે બાળકો,

તમે બે બિલાડી અને વાંદરાની વાર્તા સાંભળી છે ને? ચાલો આજે એવી જ એક સરસ બોધવાળી વાર્તા વાંચીએ...

ભારતમાં અનેક ગામડાં છે ને અનેક ભાષા.કેરાલા પાસે એક નાનું ગામડું ને તેમાં એક મલેશ નામનો છોકરો રહે.બહુ બહાદુર ને સાહસી .કદી પણ ડરતો નહિ.તેના ગામમાં એકવાર એક સાધુ પધાર્યા બધા તેમની સરસ સરસ વાતો માં આવી ગયા ને ઘરેથી મહારાજ માટે સારૂ સારૂ ભોજન લઈ આવતા,કમાતા તેમાંથી તેમને પૈસા આપતા.

સાધુમહારાજ તો હવે ખાઈ પીને તંદુરસ્ત થઈ ગયા હતા.પૈસે ટકે પણ સુખી થયા હતા.

મલેશ પણ માતા પિતા સાથે તેમની પાસે જતો. એક દિવસ બે વૃધ્ધ સાધુ પાસે આવ્યાને તેમની ગરીબી દૂર થાય તેવી પ્રાર્થના કરવા લાગ્યા.

સાધુએ પૂછ્યું ,”શુ તમે બન્ને મિત્રો છો?”

બન્ને વૃધ્ધો કહ્યું ,”હા,”.

બે માથી એક મિત્ર બોલ્યો,”પણ અમે આખી જીંદગી ખેતીવાડી સાથે સંભાળી છે,પણ હવે રામજી કામ નથી કરી શકતો,ને હું એકલો મહેનત કરું છું .હવે એને સરખો ભાગ જોઈએ છે તો હુ કેમ આપું ?”

સાધુ ચાલાક હતા સમજી ગયા બન્ને વચ્ચે ફૂટ પડી છે ,હવે વધુ ફૂટ પાડીશ તો તેમની જમીન મારી થઈ જશે. બસ તેમણે એનકેન પ્રકારે જમીન હડપવાના પ્રયત્લ કરવા માંડ્યા .બે ત્રણ દિવસે જમીન માપવા જાયને થોડો ટૂકડો ખોટો માપે..

આ બધુ મલેશ ની નજરમાં આવી ગયું . બન્ને જણા ને સમજાવા લાગ્યો પણ સાધુ ના નામની પટ્ટી આંખો પર ચઢી હતી.તેથી ન સાંભળ્યું ને ધીરે ધીરે તેઓએ સાધુને જમીન આપી ગરીબી અપનાવી .

મલેશ આ ન જોઈ શક્યો ને એણે હવે ઢોંગી સાધુની પોલ ઉઘાડી પાડવાનું નક્કી કર્યું. તેણે ગામના પાંચ છ છોકરાઓને પોતાની સાથે લીધા ને સાધુ ની આસપાસ પહેરો સરૂ કરી દીધો.

એકવાર જેવો ભજન નો કાર્યક્રમ ચાલુ થયોને તે બધા છોકરાઓ સાથે આગળ બેઠો ને સાધુની આંખ મીચી કે એણે બધાને આંખ ખોલવા કહ્યું .જોયુ તો સાધુ મહારાજ ત્યા નથી...

બધાને લઈ તે પાછળ ગયો તો સાધુમહારાજ એશ કરી રહ્યા હતા ફળ ને મેવો ખાતા હતા.મલેશે બધા ડબ્બા માટલા ખોલી લોકોને બતાવ્યા તેમના જ પૈસે તે મોજ કરે છે તે સમજાવ્યું .લોકોને આંધળો વિશ્વાસ ન કરવા સમજાવ્યા ને પોલીસ બોલાવી તે સાધુને સજા કરી.

બધા પૈસાથી ગામમાં સરસ દવાખાનું ખોલ્યું ને ગામ વાસીઓને સુખી કર્યા.

બાળકો જ્યા અન્યાય દેખાય ત્યા ન્યાય કરો ને ઢોંગ દેખાય ત્યા તેને ઉઘાડો પાડો.

જયશ્રી પટેલ

---

વાત પંચરની કે કેળવણીની..

’અરધી સદીની વાંચનયાત્રા’ ભાગ-૧ મા મહેન્દ્ર મેઘાણીએ...

"તમારા બાળકને આટલું આવડે છે " (૧૫વર્ષના બાળક માટે) શિર્ષક હેઠળ લેખ મૂક્યો છે.

યાદ શક્તિને આધારે તેના મુદ્દા જણાવું..

૧) પડિકુ વાળતાં

૨) ફ્યુઝ બાંધતા

૩) ચાદર પાથરતા / વાળતાં

૪) શાક સુધારતા

૫) કપડાંને ગડી કરતાં...

૬) રસોઈ કરતાં...

મૂળ વાત એટલી કે

"મેં દુઃખ વેઠ્યું તે, મારા બાળકને ભાગે નહીં આવવા દઉં"

એવી વેવલી માનસિકતા હેઠળ મા-બાપ બાળકને રોજીંદા જીવનના કામ કરવા દેતા નથી...

પડકાર લેવા તો દૂર રહ્યા ...,

કેટલાક તો

" તુ તારે ભણ એટલે તારે આ કામ ?કરવાની જરુર નહીં. "

એમ શિખવે છે... એ બાળક હોસ્ટેલમાં કે પી.જી. તરીકે કેટલું ગંદુ, અણઘડ રહે છે, અને છોકરીઓને સાસરીમાં કેટલી મુશ્કેલી પડે તે બધાને ખબર હશે. વળી, તેને નાના કામનુ મહત્વ નહીં સમજાય.

આવી રીતે ઉછરેલ છોકરો તેની પત્નીને અને છોકરી તેના પતિને માથે પડશે, ઢોકળાના ખીરાને દૂધ સમજી ઉકળવા મૂકશે.

છોકરી થેલીમાં નીચે ટામેટા અને બટાકા તેની ઉપર મૂકાવી લારીવાળા માટે જોકની પ્રેરણા આપતી અણઘડ ગૃહિણી બનશે.

જે ઘરમાં આવું વલણ હોય તે ઘરની સ્ત્રીની હાલત કેવી થતી હશે ?

બાળક વિકસી રહ્યું હોય ત્યારે ... તેનામાં કેટલાક કૌશલ ખિલવવા જરુરી છે....!

કેટલાક વલણ અને કૌશલ જો અમુક ઉંમરે ના કેળવાય તો ...

"પાકે ઘડે કાંઠા ના ચડે." એમ બાળવિશેષજ્ઞો પણ કહે છે.

વ્યક્તિ કોઈ પણ કામ કરે, એની કેળવણી એમાં પડઘાય.

છાપાવાળા તો બાળક સફાઈ કરે કે પોતાની ડીશ સાફ કરે એનેય બાળમજૂરીમાં ખપાવવા ઉત્સુક છે..!! બ્રાંડ લોકો તો શાળામાં સ્વચ્છતા અભિયાન સમયે પણ આવા સમાચારને વધાવી લેશે....

બાળકને મન તો બધું રમત છે, ’કામ’ તો આપણે બનાવી આપીએ છીએ.

નિબંધોમા ’લખાવાતુ’ ...

"હું મમ્મીને ઘરકામમાં મદદ કરું છું." વાક્ય ખતરનાક છે.

ઘરનું કામ કરવું એ ’મદદ’ નથી.

’ફરજ’ પણ નથી.

એ કરવાનું હોય,

કારણો આપ્યા વગર.

કારીગરો આધુનિક કૌશલ ઝડપથી શિખતા નથી એનુ એક કારણ નાનપણમાં કાચી રહેલ "હૈયુ-મસ્તક-હાથ" કેળવણી પણ ખરું...!!

એ ખોટ એમને બેકાર બનાવે છે.

નાની ઉંમરથી બધું કામ કરવાની ટેવ પડી હોય તો ખાસ..જોઈ લેજો આસપાસ..

વાત માત્ર કેળવણીની છે.

---

ઘડપણ

મારી કારને અચાનક.મેં બ્રેક મારી એક દાદા ફૂટપાથ પર નીચે પડેલા જોયા

હું નીચે ઉતર્યો....દાદા નો હાથ પકડ્યો....દાદા નો હાથ ગરમ.. ગળે ને માથે હાથ મુક્યો...એ પણ એકદમ ગરમ.. દાદા તાવ થી ધ્રુજતા હતા

મેં દાદા નો હાથ પકડી કાર માં બેસાડ્યા....દાદા આટલો તાવ હોવા છતાં..રસ્તા વચ્ચે એકલા કેમ નીકળો છો....

અત્યારે જ મારી સાથે દવાખાને ચાલો..અને તમારા પરિવાર ના કોઈ સભ્ય નો નંબર આપો..હું..તેને દવાખાને..બોલાવી લઉં...

દાદા..ભીની આંખે મારી સામે જોતા રહ્યા....

મેં કીધું..દાદા..એકલા રહો છો ?

હા.એટલું જ બોલ્યા...

પરિવાર મા કોઈ...?

પત્નિ હતી પણ વર્ષ પહેલાં

સ્વર્ગે સિધાવી

હું..અમારા ફેમિલી ડોક્ટર પાસે લઈ ગયો...

ડોક્ટર મારી સાથે દાદા ને જોઈ બોલ્યા... પંડ્યા દાદા..

આરામ કરવાનું કીધુ..હતું...ફરીથી એકલા બહાર નીકળ્યા..?

મેં ડોક્ટર સામે જોઈ કીધુ....તમે ઓળખો છો.દાદા ને ?

હા.. સારી રીતે...હું તેમનો પણ ફેમિલી ડોક્ટર છું. આતો અમારા પંડ્યાદાદા..છે...

ડોક્ટર..દાદા નો તાવ..માપી..કીધુ....દાદા ની ઉમ્મર પ્રમાણે...દાખલ કરવા હિતાવહ લાગે છે...

પણ તેનો પરિવાર ?

ડોક્ટર તેની રૂમ ની અંદર મને લઈ ગયા...અને કીધુ.. દીકરો વહુ છે..પણ તેમના થી જુદા થઈ ગયા છે..દાદા ને ગાંઠિયા બહુ ભાવે... છે...દીકરો વહુ...ગાંઠિયા લાવે નહીં....ઝાડા થશે તો કોણ સાફ કરશે..એવી દલીલો કરે....

ઘડપણ છે..જુદું..જુદું ખાવા ની ઈચ્છા પણ થાય....દાદા ને અઠવાડીયા માં બે વખત ગાંઠિયા જોવે...જ..એ પોતાની જાતે વ્યવસ્થા કરી ગાંઠિયા ખાઈ લેતા... ત્યાં સુધી વાંધો ન હતો...

એક દિવસ..દીકરો વહુ બોલ્યા..તમારી તમામ મિલ્કતો અમારે નામે કરી દયો.....દાદા એ કીધુ..હું..મરી જાઉં પછી..મિલકત તમારી જ છે....

અત્યારે પેન્શન જે જમા થાય છે તે તમારું જ છે ને ?

બસ....આ નાની બાબત ઉપર..દીકરો વહુ..જુદા થઈ ગયા....એક વર્ષ પહેલાં તેમના પત્ની ગુજરી ગયા..દાદા..એકલા પડી ગયા ....આમ તો હું કોઈ ના ઘરે....વિઝીટ માં નથી જતો..પણ દાદા નો ફોન આવે એટલે કામ પડતા મૂકી હું તેમની તબિયત જોવા જતો..કારણ કે તમણે મારા ઉપર વિશ્વાસ મુક્યો હતો...

ડોક્ટર દાદા સામે જોઈ બોલ્યા.. દાદા....ગાંઠિયા ખાવા બહાર નીકળ્યા હતા ? દાદા..આવા તાવમા પણ હસી પડ્યા...

હું બાજુ માં ગયો...માથે હાથ ફેરવી કિધું પછી ગાંઠિયા ખાધા કે નહીં ?...ગાંઠિયા નો તાવ હોય તો કહો હું લઈ આપું...

દાદા....એ મારો હાથ પકડી..કીધુ..બેટા ૧૦૦ગ્રામ.....

મેં ડોક્ટર સામે જોયું....

ડોક્ટર સાહેબ...હસી ને મને હા પાડી ..એમણે દાદા ને અંદર ના રૂમ માં સુવાડી.. ઇંજેક્શન આપ્યું.. અને કહ્યું....આરામ કરો..ત્યાં...સુધી હું ગાંઠિયા લઇને હું પાછો આવ્યો. ..ડોક્ટર મારી રાહ જોતા હતા....હું દોડી અંદર ગયો...ડોક્ટર કહે..રેહવા દ્યો.

મેં કીધું..કેમ શુ થયું..? સાહેબ

દાદા...હવે આ દુનિયા માં નથી રહ્યા....મારા હાથ માંથી ગાંઠિયા નું પેકેટ નીચે પડી ગયું...

ફક્ત એક..કલાક ના અજણયા સંબંધો હતા છતાં..પણ હું..મારા આંસુ ને રોકી શક્યો નહીં.....

જે માઁ બાપે પોતાની જાત સંતાનો પાછળ ઘસી નાખી હોય...એ આવી રીતે ઘડપણ મા તેમને તરછોડી કઈ રીતે જઈ શકતા હશે ?

ડોક્ટર સાહેબ...બોલ્યા..ભાઇ આપે માનવતા નું કામ કર્યું છે.....આજે મારૂ દવાખાનું પણ દાદા ના માન મા બંધ રહેશે....

ડોક્ટર સાહેબ બોલ્યા...તેમનો અંતિમ સંસ્કાર કરવાનો આપણો કાયદાકીય અધિકાર નથી...

તેમના પુત્ર નો મોબાઈલ નંબર મારી પાસે..છે આપણે. તેને જાણ કરી દઈએ....

અગત્ય ની વાત એ છે...દાદા એ તેમના વકીલ નો નંબર ડોક્ટર સાહેબ ને આપી ને ગયા હતા...અને કીધુ હતું...મારા દેહાંત પછી...મારી અંતિમ ઈચ્છાઓ પ્રમાણે વિલ મેં બનાવ્યું છે...તે ઈચ્છા પૂરી કરવા ની જવાબદારી

ડોક્ટર સાહેબ તમારી..છે.. મારો મૃત્યુ પછી વકીલ તમને ફોન કરશે...

દાદા ના વિલ પ્રમાણે..તેમની મિલકત નો ૭૫% હિસ્સાની રકમ માંથી એક ગાંઠિયા અને ચા ની દુકાન ખોલવી..ત્યાં રોજ..ઘરડા અને ગરીબ વ્યક્તિ ને..મફત મા ચા અને ગાંઠિયા મળે તેવી વ્યવસ્થા કરવી....

ગાંઠિયા ની દુકાન નું નામ મારા અને મારી પત્ની નામ ઉપર થી રાખવું.....


બાકી ના ૨૫ % રકમ માંથી ગરીબ વ્યક્તિઓ ને તમારે દવા આપવી..

મરતી વખતે ગંગા જળ ની કોઈ જરૂર નથી..

મર્યા પછી શ્રાધ ની જરુ નથી વૃધ્ધ માત પિતાને ભાવતી વસ્તુ તેમના જીવતા આપો. એટલે એ તૃપ્ત થઇ જશે.

સંપાદકઃ”મન” કેનેડા

# શ્રધ્ધાંજલી....



સાહિત્ય જગત નો એક ધ્રુવ સમાન તારો આજે ગુર્જર ધરા માં અસત્ થઈ ગયો. .પુસ્તક પરબ ના પ્રણેતા શ્રી પ્રતાપભાઈ પંડ્યા ગુજરાત માં દેવ શરણ થઈ ગયા..સાહિત્ય જગત ને ના પુરાય તેવી ખોટ પડી છે.ઘણા વખતથી તેઓ કેલિફોર્નિયા સ્થાઈ થયેલ તેમજ દેશ વિદેશ સાહિત્ય જગત સાથે પુસ્તક પરબ કાર્યક્રમો થકી સૌ સાહિત્યકારો સાથે કડી રૂપ બનવાનો પ્રયત્ન કરતા..તેમના ધર્મ પત્ની રમાબેન તેમાં પરિવાર ના સભ્યો ને ના પૂરી શકાય તેવી ખોટ પડી છે.ઈશ્વર તેમના આત્મા ને શાંતિ આપે તેમજ પરિવાર જનો ને આં કારમો આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુ પ્રાર્થના.... જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક..ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાપ્તાહિક પરિવાર સહિત તંત્રી પ્રદીપ રાવલ ની અંતઃકરણ પૂર્વક શ્રધ્ધાંજલી........

---

અત્યંત આર્દ્રતા પૂર્વક જણાવી રહ્યો છું અને અમારાં માટે

અકલ્પનીય છે કે ગુજરાત પુસ્તક પરબનાં પ્રણેતા, ગુજરાતમાં હજારો લોકોને કરોડો રુ.ના પુસ્તકોની સખાવત કરનાર

અમારાં રાહબર પૂ. પ્રતાપદાદા પંડ્યા આજે નશ્વર દેહ છોડીને પરલોક પધાર્યા.

આ માની ન શકાય એવાં ,અસહ્ય સત્યનો નમ્રતાપૂર્વક સ્વીકાર કરી

પૂ પ્રતાપદદુને હું ભાવાંજલિ પાઠવું છું.

પૂ . પ્રતાપદાદાનાં તમામ કાર્યો શરુ રહેશે.

તેઓ અમર રહેશે.

તેઓ પુસ્તકો સ્વરુપે જીવંત રહેશે.

(જીતુભાઈ તલવિયા)

---

અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,

ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા;

મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ ! લઈ જા, વડિલ પ્રતાપભાઈ પંડ્યા આજે પ્રભુશરણ થયા... તે સમાચાર સુરેશમામા એ આપ્યા ,સમગ્ર સમાજને તેની ખોટ પડી છે તેમણે નાખેલ પુસ્તક પરબના પાયા થકી કેલીફોનીયામાં ‘બેઠક ‘આજે વાંચન સાથે સાહિત્યનું કામ કરી રહી છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ આપે અને તેઓના પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ આપે તે જ પ્રાર્થના.

સમગ્ર સાહિત્ય જગતને આ ના પુરાય તેવી ખોટ પડી છે. તેમનો પુણ્ય આત્મા પરમ શાંતિ પામે અને પરમ કૃપાળુ પ્રભુ તેમના પુણ્ય આત્મા ને શરણે લે...એ જ પ્રભુ ને પ્રાર્થના.

પ્રજ્ઞા દાદભાવાલા. કેલિફોર્નયા.

---

પુસ્તક પરબના પ્રણેતા પૂજ્ય શ્રી પ્રતાપભાઈ પંડ્યા, આજરોજ ઈન્ડિયામાં દેવ શરણ થયા છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ આપે અને તેઓના પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ આપે તે જ પ્રાર્થના.

સમગ્ર સાહિત્ય જગતને આ ના પુરાય તેવી ખોટ પડી છે. પ્રભુ આ પુણ્યાત્માને તેમના ચરણોમાં સ્થાન આપે . કલ્પના રઘુ.. કેલિફોર્નિયા

## પાલનપુર શહેરની રૂા.૧૩૬ કરોડના ખર્ચની ભુર્ગભ ગટર યોજનાની

# અધુરી કામગીરી તાત્કાલીક ચાલુ કરાવીને પૂર્ણ કરાવવા રજુઆત કરતા પાલિકા સદસ્ય અમૃત જોષી

પાલનપુર નગરપાલિકાના સદસ્ય અમૃતભાઈ જોષીએ બનાસકાંઠા ના કલેકટર શ્રી સંદીપ સાંગલે, પ્રાદેશિક કમિશનર શ્રી મ્યુનિસિપાલીટી ગાંધીનગર, પ્રોજેક્ટ મેનેજર શ્રી ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ ગાંધીનગર, મુખ્ય અધિકારી પાલનપુર નગરપાલિકા ને લેખિત રજુઆત કરતાં જણાવ્યું હતું કે પાલનપુર શહેરમાં ભુર્ગભ ગટર યોજના રૂા. ૧૩૬ કરોડના ખર્ચે સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ હતી માર્ચ ૨૦૧૪ માં જીયુડીસી ગાંધીનગર દ્વારા કામગીરી શરૂ કરવામાં આવેલ હતી પરંતુ આજે ૬ (છ) વર્ષ ઉપરાંત નો સમય વિતવા છતાં કામગીરી પૂર્ણ થઈ નથી તે દુ:ખદ અને ગંભીર બાબત છે.

જયારે ઉપરોક્ત યોજના બનાવવામાં આવેલ હતી ત્યારે તેમાં ઓકસીડેશન પોન્ડની ( ગંદા પાણીના નિકાલની ) જગ્યા સર્વે નં .૮૫ સદરપુર ખાતે આવેલ છે . તે બતાવવામાં આવેલ હતી અને તે જગ્યાએ નવીન યોજનાના પાણીનો નિકાલ તે જગ્યામાં કરવામાં આવનાર હતો. તે યોજનામાં દર્શાવેલ હતો.

જુની ભુર્ગભ ગટર યોજનાના ઓકસીડેશન પોન્ડ માટે સર્વે નં . ૮૫ સદરપુર ખાતેની જગ્યા ૧૯૮૬ માં પાલનપુર નગરપાલિકાને ફાળવવામાં આવેલ હતી તેમાં પાલનપુર શહેરની જૂની ગટર યોજનાના ગંદા પાણીનો નિકાલ વર્ષોથી કરવામાં આવે છે અને આ નવીન ગટર યોજનાના ગંદા પાણીનો નિકાલ ત્યાંજ કરવાનો હતો.

પરંતુ નગરપાલિકાના શાસકોના અણઘડ વહીવટને કારણે પૈસા કમાવવાની ઉતાવળ ને કારણે સર્વે નં . ૧૨૮, ૧૨૯ હરીપુરા ખાતે રાજીવ ગાંધી આવાસ યોજનાના મકાનો મંજુર થયેલા હતા તે હરીપુરા ખાતે ન બનાવી ને ભુર્ગભ ગટર યોજનાના ગંદાપાણી ના નિકાલ વાળી જગ્યા સર્વે નં . ૮૫ સદરપુર ખાતે ગેરકાયદેસર રીતે વગર મંજૂરીએ મકાનો ૩૫૦૦૦ ચો.મીટર માં બનાવી દીધેલ છે.

ભુર્ગભ ગટર યોજનાના ઓકસીડેશન પોન્ડ માટે સર્વે નં .૮૫ સદરપુર ખાતે ૨૦ એકર જગ્યા ૧૯૮૬ માં મળેલ તે હયાત જગ્યા હોવા છતાં તેમજ નવીન ભુર્ગભ ગટર યોજનાના પાણીનો નિકાલ સદરપુર ખાતે કરવાનો હોવા છતાં ગેરકાયદેસર રીતે તે જગ્યા બદલીને આકેસણ મુકામે નવીન જગ્યાની માંગણી કરેલ હતી પરંતુ આજે ૬ (છ) વર્ષ ઉપરાંત નો સમય વિતવા છતાં હજુ સુધી આકેસણ મુકામે જગ્યા નો કબજો મળેલ નથી છતાં સદરપુર ખાતે ગેરકાયદેસર રીતે રાજીવ ગાંધી આવાસ યોજનાના મકાનો બનાવી પાલનપુર શહેરની પ્રજાનું અહિત કરેલ છે તે દુ:ખદ અને ગંભીર બાબત છે.

સદરપુર ખાતેની ઓકસીડેશન પોન્ડની ૨૦ એકરની જગ્યાની અડોઅડ ૧૫ એકર જગ્યામાં સરકારશ્રીએ ૮૬૩ લાખના ખર્ચ લેન્ડફીલ સાઈટ ( કચરો ) નાખવાની બનાવેલ છે ગુજરાત પોલ્યુશન બોર્ડ દ્વારા તા.૧ / ૯ / ૨૦૧૬ ના રોજ પાલનપુર નગર પાલિકાને લેખિત પત્ર દ્વારા આ લેન્ડ ફીલ સાઈટ ની બાજુમાં નિયમ મુજબ મકાનો ન બનાવી શકાય તેવો સ્પષ્ટ આદેશ કરેલ હતો છતાં પાલનપુર નગરપાલિકા દ્વારા ગેરકાયદેસર રીતે મકાનોનું કામ શરૂ કરવામાં આવેલ હતું.

માર્ચ -૨૦૧૪ માં નવીન ભુર્ગભ ગટર યોજનાની કામગીરી રૂા .૧૩૬ કરોડના ખર્ચ ચાલુ કરવામાં આવેલ હોવા છતાં આજે ૬ (છ) વર્ષ ઉપરાંત નો સમય વિતી ગયો હોવા છતાં કામગીરી પૂર્ણ કરવામાં આવેલ નથી ભુર્ગભ ગટર ચાલુ કરવામાં આવેલ નથી ઘણા લાંબા સમયથી કામગીરી બંધ કરવામાં આવેલ છે પ્રજાજનોના આરોગ્ય સાથે ચેડા થઈ રહયા છે ઘણી ચેમ્બરો માટીથી ભરાઈ ગઈ છે . પાલનપુર શહેરમાં ઘણી જગ્યાઓ પર ગટરો ઉભરાઈ રહી છે હજુ ઘણી જગ્યાએ પાઈપ લાઈન નાખવાની બાકી છે પાઈપ લાઈનના ક્રોસિંગ કરવાના બાકી છે આમ પ્રજાજનો માનસિક શારીરીક યાતનાઓ ભોગવી રહયા છે અને સરકારશ્રીની બદનામી થઈ રહી છે.

સર્વે નં .૮૫ સદરપુર ખાતેની ઓક્સિડેશન પોન્ડ ની હયાત ૨૦ એકર જગ્યા બદલવાનો ખોટો નિર્ણય સત્તાધારી સદસ્યોએ ગેરકાયદેસર નિર્ણય ન લીધો હોત તો આ ગટર યોજના ચાલુ થઈ ગઈ હોત અને સદરપુર ખાતે પાણીનો નિકાલ થઈ ગયો હોત.

પ્રજાજનો જુદા જુદા કરવેરા ટેક્ષો દ્વારા સરકારશ્રીને કરોડો રૂપિયા ટેક્ષ ભરે છે તે પ્રજાજનોના નાણાંમાથી સરકારશ્રી પ્રજાજનોની સુખાકારી માટે યોજનાઓ બનાવી ગ્રાન્ટ ( નાણાં ) ચુકવે છે.

પરંતુ પાલનપુર નગરપાલિકાના શાસકો દ્વારા ખોટા ગેરકાયદેસર નિર્ણયો લઈ નિયમો, કાયદા વિરૂધ્ધના ખોટા ઠરાવો કરી સરકારશ્રીના ઉમદા હેતુ ઉપર પાણી ફેરવી દીધુ છે અને પ્રજામાં સરકારશ્રીની છબી ખરડાવી છે ૧૦૦ કરોડ રૂપિયાનું પેમેન્ટ ચુકવાઈ ગયું હોવા છતાં કામગીરી પૂર્ણ થઈ નથી તે દુ:ખદ અને ગંભીર બાબત છે. ગટર યોજના ચાલુ ન થઈ શકવાને કારણે પ્રજાજનોને ખાળ કુવાઓ ભરાઈ જવાને કારણે નવીન ખાળ કુવાઓ બનાવવા માટે મકાન દીઠ ૧૩૦૦૦ આસપાસ નો ખર્ચ કરવો પડે છે.

આ ખોટા નિર્ણયને કારણે પવિત્ર લડબી નદી છેલ્લા ઘણા લાંબા સમયથી ગટરના ગંદા પાણીથી ખદબદી રહી છે, પ્રજાજનોના આરોગ્ય સાથે ચેડાં થઈ રહયા છે. લડબી નદીના આજુબાજુ કાંઠે રહેતા રહીશો ત્રાહીમામ પોકારી રહયા છે.


આકેસણ મુકામે ૬ (છ) વર્ષ ઉપરાતનો સમય વિતવા છતાં હજુ સુધી ઓક્સિડેશન પોન્ડ બનાવવા માટે નગરપાલિકાને જગ્યાનો કબજો મળેલ નથી તેથી આજદિન સુધી આકેસણ મુકામે ઓક્સિડેશન પોન્ડ ની કામગીરી કરવામાં આવેલ નથી.

જો આકેસણ મુકામે જમીનનો કબજો ૨૮૩૨૮ ચો.મીટર આપી શકાતો ન હોય તો સદરપુર ખાતે સર્વે નંબર ૮૫ માં ૪૫૦૦૦ ચો.મીટર જગ્યા હાલના હયાત ઓક્સિડેશન પોન્ડ માં શહેર ની જુની ભૂગર્ભ ગટર યોજનાના ગંદા પાણીનો નિકાલ હાલમાં કરવામાં આવે છે તે જગ્યામાં નવીન ભૂગર્ભ ગટરના પાણીનો નિકાલ કરી ગટર યોજનાનું કામ પૂર્ણ કરવા અમારી રજૂઆત છે આમ પણ નવીન ભૂગર્ભ ગટર યોજનામાં ગંદા પાણીનો નિકાલ આ સર્વે નંબર ૮૫ ની જગ્યામાં દર્શાવેલ હતો.

તો ઉપરોક્ત અમારી રજુઆત ધ્યાને લઈ તાત્કાલીક અધુરી કામગીરી શરૂ કરાવવા કોન્ટ્રાકટરને તેમજ વહીવટી અધિકારીઓને લેખિત આદેશ કરશો , કોન્ટ્રાકટર તેની તમામ સાધન સામગ્રી મશીનરી પાલનપુર શહેરમાં ફાળવે તમામ અધુરી મુકવામાં આવેલ સાઈડો એક સાથે ચાલુ કરીને ઝડપથી ગટર યોજનાનું કામ પૂર્ણ કરી યોજના ચાલુ કરી પાલનપુર શહેરના પ્રજાજનોને માનસિક , શારીરીક યાતનાઓમાંથી મુકતી અપાવો તેવી અમૃતભાઈ જોષીએ રજૂઆત કરી હતી.

# અરવલ્લી જીલ્લામાં ગુજકેટની પરીક્ષામાં ૨૦૨૦ વિદ્યાર્થીઓમાંથી ૧૮૮૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા



અરવલ્લી જિલ્લામાં ગુજકેટ પરિક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોડાસાની ૯ શાળામાં ૧૨૦ બ્લોકમાં વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા ગુજકેટ ની પરિક્ષા પહેલા તમામ પરિક્ષા કેન્દ્રો સેનાટાઈઝ કરવામાં આવ્યા હતા, ત્યાર બાદ સોમાવારે યોજાયેલી પરિક્ષામાં વિદ્યાર્થીઓને થર્મલ સ્ક્રિનિંગ બાદ પરિક્ષા કેન્દ્ર પ્રવેશ આપવામાં આવ્યો હતો. તમામ વિદ્યાર્થીઓ માટે માસ્ક ફરજીયાત કરવામાં આવ્યુ હતું એટલું જ નહીં જે વિદ્યાર્થીઓ પાસે માસ્ક ન હતા તેમને જિલ્લા શિક્ષણ કચેરી દ્રારા માસ્ક પુરા પાડવામાં આવ્યા હતા. કૉરોના વાયરસની મહામારીને ધ્યાન માં રાખીને તમામ પરિક્ષા કેન્દ્રો પર આરોગ્ય વિભાગની ટીમ તૈનાત કરવામાં આવી હતી. એક બેંચ પર એક જ બેઠક ની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગુજરાત માધ્યામિક અને ઉચ્ચતર માધ્યામિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્રારા યોજાયેલ ગુજરાત કોમન એંટ્રેન્સ ટેસ્ટ ૨૦૨૦ માં કુલ ૧૮૮૯ વિધ્યાર્થીઓ નોધાયા હતા. ગુજકેટની પરિક્ષાને ધ્યાનમાં રાખીને તમામ પરિક્ષા કેંદ્રો પર પોલીસના જવાનો તેમજ શિક્ષણ વિભાગની ટીમ તૈનાત કરવામાં આવી હતી.

# મોડાસાની નાલંદા-૨ માં રહેતા શિક્ષક દંપતીને લાગ્યો વીજકરંટ : શિક્ષકનું ઘટનાસ્થળે મોત



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં ચોમાસાની ઋતુમાં વીજ કરંટ લાગવાની અને જાનહાની થવાની પણ અનેક ઘટનાઓ દર વર્ષે નોંધાતી હોય છે મોડાસા શહેરની નાલંદા-૨ સોસાયટીમાં રહેતા શિક્ષક દંપતીને ઘરની પાછળ લગાવેલ લોંખડની જાળીમાં વીજ પ્રવાહ ઉતરતા શિક્ષક જાળીને અડકતા વીજ કરંટ લાગતા પટકાઈ જતા તેમને બચાવવા જતા તેમની પત્ની અને પુત્રને પણ વીજ કરંટ લાગતા ભારે ચકચાર મચી હતી વીજકરંટ થી શિક્ષક કાળનો કોળિયો બની જતા ભારે ચકચાર મચી હતી શિક્ષિકા પત્ની અને પુત્રને સારવાર અર્થે દવાખાને ખસેડાતા માતા-પુત્રનો આબાદ બચાવ થયો હતો વીજકરંટના પગલે શિક્ષકનું મોત નિપજતા શિક્ષકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા આશાસ્પદ યુવાન શિક્ષકના મોતથી શિક્ષણ આલમમાં શોકનું મોજું ફરી વળ્યું હતું પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પ્રાપ્ત માહિતી અનુસાર,મોડાસાની નાલંદા-૨ સોસાયટીમાં રહેતા અને મોડાસા પ્રાથમીક શાળા નં-૨ માં મૌલીકભાઈ પટેલ અને તેમની પત્નિ શિક્ષક તરીકે ફરજ બજાવે છે સોમવારે સાંજના સુમારે તેમના ઘરની પાછળ લગાવેલ લોંખડની જાળમાં વીજપ્રવાહ ઉતરતા ઘરની પાછળ કામકાજ અર્થે ગયેલા મૌલિકભાઈને વીજકરંટ લાગતા વીજકરંટના ઝાટકો લાગતા બુમ પાડવાની સાથે નીચે પટકાતા ઘરમાં રહેલા તેમના પત્ની અને પુત્ર પણ પાછળ દોડી ગયા હતા વીજકરંટ લાગવાની ઘટનાથી અજાણ મૌલિક ભાઈને બચાવવા જતા તેમને પણ વીજકરંટ લાગતા પત્ની અને પુત્રાને પણ વીજકરંટ ની અસર થઈ હતી વીજકરંટ લાગવાની ઘટનાના પગલે આજુબાજુ થી લોકો દોડી આવી શિક્ષક દંપતીને તાબડતોડ નજીક આવેલ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જતા ફરજ પરના તબીબે મૌલિક ભાઈ પટેલને મૃત જાહેર કરતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું શિક્ષક દંપતીને વીજકરંટ લાગવાની ઘટનાના પગલે મોટી સંખ્યામાં શિક્ષકો હોસ્પિટલ ઉમટ્યા હતા આશાસ્પદ શિક્ષક મૌલિક ભાઈ પટેલના મોતને પગલે શિક્ષણ આલમમાં ભારે ગમગીની છવાઈ હતી વીજકરંટ ની ઘટનાના પગલે વીજ કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી સમગ્ર વિસ્તારનો વીજપ્રવાહ બંધ કરી વીજકરંટ લાગવાનું કારણ શોધવા તજવીજ હાથધરી હતી.

# કોરોના મહામારીના યોધાનું યુનિટી જન સેવા ટ્રસ્ટ દ્વારા કોવિંડ-૧૯ સન્માન કરાયુ



વિશ્વમાં કોરોના મહામારી ચાલી રહી છે તેવીજ રીતે ગુજરાત માં પણ બાકાત નથી રહ્યું ત્યારે રાજ્ય સરકાર હોય કે ભારત સરકાર કે સેવાભાવી સંગઠનો કોરોના મહામારી ને રોકવા અને તેના સંક્રમણ ને નાથવા અનેક પ્રકારના કર્યો કરવા મા આવેલા તેવીજ રીતે

અરવલ્લી જિલ્લામોડાસા ખાતે યુનિટી જન સેવા ટ્રસ્ટ દ્વારા કોરોના - ૧૯ મહામારી ના સંક્રમણ ને રોકવા અને જાગરૂકતા ફેલાવવા અને જરૂરિયાત દવાઓ આર્યુવેદીક ઉકાળા જેવી આ સમયે ઉત્તમ કામગીરી બદલ કોવિંડ - ૧૯ યોદ્ધા સન્માન નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો

આ પ્રસંગે સમારંભ ના અધ્યક્ષ હાજી બાબુભાઈ ટાઢા સાહેબ ધારા કોવિંડ - ૧૯ યોદ્ધા સલીમભાઈ પટેલ (એસેન્ટ કોમ્પ્યુટર વાળા) નું સન્માન કરવામાં આવેલ.




*गुजरात World Book Of Records के अध्यक्ष एवं उच्चतम न्यायालय के वरिष्ठअधिवक्ता श्री अश्विनभाई त्रिवेदी और दिव्य त्रिवेदी के नवीन कार्यालय पर विधायक श्री अर्जुनसिंह चौहान जी , श्री जिग्नेश सेवक जी ने उपस्थित होकर शुभकामनाएं प्रेषित की ।*

# બનાસકાંઠાના દાંતીવાડા ડેમ ના દરવાજા ખોલવામાં આવ્યા તેવી અફવાઓ ખોટી સાબિત થઈ





બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાનો મુખ્ય દાંતીવાડા ડેમમા જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી સારો વરસાદ હોવાથી ડેમમાં પાણીની આવક જોવા મળી હતી પરંતુ હજુસુધી ડેમ અડધો ખાલી છે ત્યારે આજે સોશિયલ મીડિયામાં ખોટી અફવાઓ ફેલાવીને લોકોને ભ્રમિત કરવામાં આવ્યા હતા કે દાંતીવાડા ડેમમાં વધુ પાણી આવતા દરવાજા ખોલવામાં આવ્યા છે તેમજ પાણી છોડવામાં આવેલ હોવાથી ગામલોકોને ભ્રમિત કરવામાં આવ્યા છે અને ડેમ ના દરવાજા ખોલવા માં આવ્યા તેવા ફોટા સમાચાર સોશિયલ મીડિયામાં જોવા મળ્યા હતા તે ખોટા પુરવાર સાબિત થયા છે વધુ મળતી માહિતી પ્રમાણે ન્યૂઝ ઓફ ગાંધીનગર ના રિપોર્ટર રૂબરૂ દાંતીવાડા ડેમ પર જઈને જાત નિરીક્ષણ કરીને તે ના ઈન્ચાર્જ ને વાત કરતા દાંતીવાડા ડેમની આજની પરિસ્થિતિ પ્રમાણે ૫૬૨.૪૦ ફૂટ પાણી છે જ્યારે ભયજનક સપાટી ૬૦૪ ફૂટ છે અને ૮૩૪૦ ક્યુસેક વરસાદી પાણીની આવક છે જેથી સૌને અપીલ કરીયે કે આવી ખોટી અફવા થી દૂર રહેવા વિનંતી તેમજ ખોટી અફવાઓ સોશિયલ મીડિયામાં ફેલાવવી નહિ

# ઈસરી પોલીસે ઈટવા ગામ નજીક એસેન્ટ કારમાંથી ૩૮ હજારના દારૂ સાથે રાજસ્થનના બુટલેગને ઝડપ્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી રાજ્યમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવવામાં આવી રહ્યો છે બુટલેગરો નાના-મોટા વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ રહે છે જીલ્લા પોલીસવડા સંજય ખરાતના આગમન પછી વિદેશી દારૂ ઘુસાડવાના બુટેગરોના મનસૂબા પર પાણી ફરી રહ્યું છે બુટલેગરો હવે અંતરિયાળ માર્ગે વિદેશી દારૂ ઠાલવી રહ્યા છી ઈસરી પોલીસે રાજસ્થાન તરફથી આવતી એસેન્ટ કારને અટકાવી તલાસી લેતા કારમાંથી ૩૮ હજારના વિદેશી દારૂ સાથે એક શખ્શને દબોચી લીધો હતો કારમાં રહેલ એક શખ્શ અંધારાનો લાભ લઈ નાસી છૂટતા ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા . ઈસરી પીઆઇ આર.એસ.તાવીયાડ અને તેમની ટીમે સોમવારે રાત્રે રાજસ્થાન સરહદને અડીને આવેલ ઈટવા ગામ નજીક નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતા રાજસ્થાન તરફથી આવતી એસેન્ટ કાર (ગાડી.નં-RJ-09-CA-555) ને અટકાવી તલાસી લેતા કારમાં સંતાડી રાખેલ વિદેશી દારૂ અને દેશી મદિરા ની બોટલ નંગ-૧૧૨ કી.રૂ.૩૮૦૦૦/- નો જથ્થો જપ્ત કરી સંજય મનજીભાઈ રોત (રહે,પાદરડી,મેવાડા-રાજ)ને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ ઈસરી પોલીસે કાર,મોબાઈલ અને દારૂ સહીત રૂ.૧૩૯૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ નાકાબંધી જોઈ કારમાં બેઠેલ શખ્શ પ્રકાશ શંકરભાઈ વરસાત (રહે,રામપુર,મેવાડા-રાજ) અંધારાનો લાભ લઈ રફુચક્કર થઈ જતા પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

## થરાદ વિધાનસભાની પેટાચૂંટણીમાં કોંગ્રેસે ભાજપ પાસેથી સીટ આંચકી લીધા બાદ

# આજે નગરપાલિકા ની સત્તા પણ કોંગ્રેસે ભાજપ પાસેથી આંચકી લેતા ભાજપ માં સોપો પડી ગયો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત



થરાદમાં કોંગ્રેસ ભાજપ પર દિવસેને દિવસે ભારે પડી રહ્યું છે અને થરાદ વિધાનસભાની પેટાચૂંટણીમાં કોંગ્રેસે ભાજપ પાસેથી સત્તા લીધા બાદ આજે નગર પાલિકાની પેટા ચૂંટણીમાં પણ કોંગ્રેસે ભાજપને મોટો ઝટકો આપ્યો છે. થરાદ નગરપાલિકાની આજે બીજા ટર્મની ચૂંટણી યોજાઈ હતી . થરાદ નગરપાલિકા માં આમ તો ભાજપની બહુમતી છે જેમાં ભાજપ પાસે કુલ ૧૨ સભ્યો જયારે કોંગ્રેસ અને અપક્ષ પાસે ૮-૮ સભ્યો છે.અને અત્યાર સુધી થરાદ નગરપાલિકા પર ભાજપનું શાસન હતું પરંતુ આજે બીજા ટર્મ ની ચૂંટણી માં કોંગ્રેસે ભાજપ પાસેથી નગરપાલિકાની સત્તા પણ આંચકી લીધી છે. આજે યોજાયેલી પેટાચૂંટણીમાં કોંગ્રેસના પ્રમુખ ઉપપ્રમુખ ને ભાજપના ૬ અને અપક્ષના ૬ સભ્યોના ટેકાથી કુલ ૧૭ - ૧૭ મત મળતા કોંગ્રેસ વિજયી બની છે. ભાજપ ના પ્રમુખ , ઉપપ્રમુખ ને કુલ ૧૧ - ૧૧ મતો મળ્યા હતા....આમ સાંસદ સભ્ય પરબત પટેલ ના હોમ ટાઉન માજ કોંગ્રેસ એક પછી એક ઝટકો આપી મજબૂત બની રહી છે

# ભારે વરસાદને પગલે સાબરમતી નદી કાંઠાના ૩૦ ગામોને કરાયા એલર્ટ

અમદાવાદ,તા.૨૫

હાલ અમદાવાદ સહિત આખા ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડી રહ્યો છે. ત્યારે અમદાવાદીઓ માટે આજે એક મોટા અને માઠા સમાચાર સામે આવી રહ્યા છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે લાખો ક્યૂસેક પાણી અનેક મોટા ડેમ મારફતે અનેક નદીઓમાં છોડવામાં આવી રહ્યા છે. ત્યારે અમદાવાદની ઓળખ સમી સાબરમતી નદીમાં પૂરના એંધાણના પગલે તંત્રએ અત્યારથી તૈયારીઓ શરૂ કરી દીધી છે. અમદાવાદમાં સાબરમતી નદી કાંઠાના ૩૦ ગામોને એલર્ટ આપી દેવામાં આવ્યું છે. અમદાવાદના ૩૦ ગામોની વાત કરીએ તો તેમાં ધોળકાના ૧૫, દસ્ક્રોઈના ૧૦ અને બાવળાના ૫ ગામોનો સમાવેશ થાય છે, આ ૩૦ ગામના લોકોને સજાગ રહેવા અને નદીમાં ન જવા સૂચના અપાઈ છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે અનેક મોટા ડેમમાં પાણી છોડાઈ રહ્યું છે, ત્યારે ધરોઈ ડેમમાં લાખો ક્યૂસેક પાણીની આવક થતાં અનેક નદીઓમાં પાણીની આવક જોવા મળી રહી છે. હવે જાણવા મળી રહ્યું છે કે સંત સરોવર ભરાયા બાદ સાબરમતીમાં પાણી છોડવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.